RNI No. 22805 / 1973

Published on 20th of every month

# સોરઠ વિશાશ્રીમાળી

(SORATH VISASHRIMALI )

Vol. : 49 Issue No. : 1 * Mumbai * January 2022 * Gujarati - Monthly * * Pages 40 * Price : Rs. 8/-



# ભાવભીની શ્રદ્ધાંજલિ

જાન્યુઆરી માસનાં
મુખપત્રના
સૌજન્યદાતા



## સ્વ. વૃજલાલ પાનાચંદ મહેતા (જેતપુર-ભિવંડી)

**અરિહંતશરણ : તા. ૩૦-૧-૧૯૮૮**

**સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે,**
**વસ્યા છો દૂર છતાં, કૃપા આપની વરસતી રહેશે.**

**સુખને છલકાવ્યું નહીં, દુ:ખને દેખાડ્યું નહીં,**
**જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભુલાય નહીં.**

અમારા સુખ-દુ:ખની પ્રત્યેક પળોમાં આપની પ્રેરણા અને આશીર્વાદ વરસતા રહે અને પ્રભુ આપના આત્માને પરમશાંતિ આપે એવી અંત:કરણપૂર્વકની પ્રાર્થના

લિ.

## શ્રીમતી પ્રભાબેન વૃજલાલ પાનાચંદ મહેતા પરિવાર

| | | |
|---|---|---|
| પુત્રો | : | ગુણવંતરાય, બળવંતરાય |
| પુત્રવધૂઓ | : | ભારતીબેન, સુશીલાબેન |
| પ્રૌત્રો | : | અલ્પેશ, નિકુંજ અને વૈભવ |
| પૌત્રવધૂઓ | : | કુંતલ, દિશા અને કેતકી |
| પુત્રી | : | સ્વ. કાંતાબેન, ધીરજબેન અને શાંતાબેન |
| પૌત્રીઓ | : | રાજુલ નિપુલકુમાર વોરા, રૂપલ ચિંતનકુમાર વોરા |
| પ્રપૌત્ર | : | પ્રશમ, આરવ અને દર્શ |
| પ્રપૌત્રી | : | પલક, ધ્રુવી |

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**
૪, દેવકરણ મેન્શન, બિલ્ડિંગ નં. ૭, બીજે માળે, ૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨
**For Website Registration Mobile No. 9321775805**
**ફોન : ૦૨૨-૨૨૦૬૯૧૭૨**
સમય : બપોરે ૧-૦૦થી સાંજે ૬-૦૦ (1.00 pm to 6.00 pm)
Email : svjainsamajmumbai2@gmail.com-data@svjainsamaj.com
www.svjainsamaj.com
**તંત્રી : શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર** મો. ૭૦૨૧૨૦૧૨૮૦

### સમાજની કારોબારી સમિતિ

| | |
|---|---|
| શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા | પ્રમુખ |
| શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા | ત.ભૂ. પ્રમુખ |
| શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા | ઉપ પ્રમુખ |
| શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા | માનદ્‌મંત્રી |
| શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી | માનદ્‌મંત્રી |
| શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા | ખજાનચી |
| શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર | મુખપત્ર તંત્રી |
| શ્રી મહેશભાઈ કાંતિલાલ વોરા | સભ્ય |
| શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી | સભ્ય |
| શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી | સભ્ય |
| શ્રી સંજયભાઈ ધનસુખલાલ મેહતા | સભ્ય |
| શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા | સભ્ય |
| શ્રી કમલભાઈ કાંતિલાલ દોશી | સભ્ય |
| શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા | સભ્ય |
| શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા | સભ્ય |
| શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા | સભ્ય |
| શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા | કો-ઑપ્ટ |
| શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ વોરા | કો-ઑપ્ટ |

**BANK DETAILS:**
**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**BANKER : Bank of Baroda, M. J. Market, Mumbai-3**
**S. B. A/c No. 03870100000044**
**IFSC : BARB0BULLIO MICR : 40012047**

**Name : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**BANKER: UNION BANK OF INDIA**
**Princess Street, Mumbai - 400 002**
**S.B.A/c. No. 319102010054364**
**IFSC : UBIN0531910**

**કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે**
**Auditor : Viren Vasa & Associates**
**Chartered Accountants, Mumbai**

| **લવાજમના દરો** | **ભારતમાં** | |
|---|---|---|
| વાર્ષિક : | રૂા. ૧૦૦/- | આજીવન રૂા. ૧૫૦૦/- |

પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 Yearly

મુદ્રણ અને પોસ્ટિંગ **અરિહંત પ્રિન્ટિંગ પ્રેસ-નીતિનભાઈ બદાણી**
સાઈબાબા નગર, ૩૧૦ ત્રિકાલ બિલ્ડિંગની પાછળ, નાયડુ કોલોની પાસે,
પંતનગર, ઘાટકોપર (ઈ), મુંબઈ-૭૫ **ફોન : ૯૨૨૩૪૩૦૪૧૫**

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી

અંક - ૧ ⊙ વર્ષ : ૪૯ ⊙ જાન્યુઆરી ૨૦૨૨ ⊙ મૂલ્ય રૂા. ૮

## “યાર તું મને સાંભરે”

[રાગઃ કભી યાદ કર કે, ગલી પાર કર કે]

મને યાદ આવે રે, સંગી સાથ ભાવે રે,
સઘળી પળે, યાર તું મને સાંભરે.
વસે આંખ માંહે રે, દૃષ્ટિના દ્વારે રે,
સઘળી પળે... યાર તું મને સાંભરે.

સાથે છે રમીયા, ને સાથે છે ભણીયા,
ક્યારેક છે લડ્યા, પડ્યા ને આથડ્યા,
પડ્યા ને આથડયા.
વ્હાલું બચપણ રે, પ્યારું બાળપણ રે,
સઘળી પળે... યાર તું મને સાંભરે.

ચિત્તના ચમનમાં, સુઘટ સદનમાં,
ખીલી ને રહીયે, પુષ્પ જેમ વનમાં,
પુષ્પ જેમ વનમાં.
તો ભાગે નીરસતા ને જાગે પ્રસન્નતા.
સઘળી પળે... યાર તું મને સાંભરે.

આવે જો રાહમાં, કંટક કે પથ્થર,
વિષાદ કે વિહ્વળ કોઈ દર્દની પળ,
કોઈ દર્દની પળ.
મને હાકલ કરજે, મારો હાથ પકડજે,
સઘળી પળે... યાર તું મને સાંભરે.

વહેતું ઝરણું તો, નિર્ઝરની શાન છે,
ખીલે જો પુષ્પ તો, મહેકે ઉદ્યાન છે,
મહેકે ઉદ્યાન છે.
એમ જીવન સોહે રે, પ્રેમથી શોભે રે,
સઘળી પળે... યાર તું મને સાંભરે.
મને યાદ આવે રે, સંગી સાથ ભાવે રે.

**- ચંદ્રકાંત એચ. પારેખ**


# શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

**શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય**

૪૩, પ્રાગજી વૃંદાવન સોસાયટી, ૩જે માળે, ૨૦-૨૪, જૂની હમુના ગલી, મુંબઈ-૨. ફોન : ૨૨૪૦૦૨૪૦

# રાહત દરે અનાજ વિતરણ યોજના

**જાન્યુઆરી - ૨૦૨૨ માસના અનાજ વિતરણનાં ભાગ્યશાળીઓ**



**શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ**



**સ્વ. વિમળાબેન કાંતિલાલ શાહ**



**સ્વ. ઝવેરચંદ ભુરાભાઈ ભીમાણી**



# તંત્રીસ્થાનેથી

માનનીય પરિવારજનો,

પ્રણામ,

ત્રીજીવાર સોરઠ વિશાશ્રીમાળી મુખપત્રનું સુકાન સંભાળતા અત્યંત આનંદની લાગણી અનુભવી રહ્યો છું.

સર્વ પ્રથમ મારા પર વિશ્વાસ રાખી મુખપત્રના માનદ તંત્રી તરીકેની જવાબદારી મને સોંપવા બદલ સર્વાનુમતે ચુંટાયેલી નવી કારોબારી સમીતિના પ્રમુખ શ્રી કીરીટભાઈ મહેતા તથા કારોબારીના તમામ સભ્યોનો ખૂબખૂબ આભાર વ્યક્ત કરૂં છું.

તા. ૧૭.૧૨.૨૦૨૧ શુક્રવારના રોજ મળેલી સમાજની વાર્ષિક સામાન્ય સભામાં લોકોમાં આવેલી જાગૃતિનો સંદેશ મળતો હતો. આટલી મોટી સંખ્યામાં સભ્યોની હાજરી લોકોના મીજાજનો પડઘો પાડતી હતી. સમાજ પ્રત્યેની પોતાની ફરજ અને સમાજની ગતિવિધીથી વાકેફ થવા માટે સભ્યો ભારી સંખ્યામાં પધારે તેના કરતા વિશેષ આનંદની વાત કઈ હોઈ શકે ? ઉઠીને આંખે વળગે તેવી બીજી વાત એ હતી કે આ વખતની સામાન્ય સભામાં બહેનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. લગભગ ૩૫ બહેનો સભામાં ઉપસ્થિત હતા. સામાન્ય રીતે આપણી AGM માંબહેનોની હાજરી હોતી નથી. પરંતુ આ વખતે બહેનોએ પણ AGMની કાર્યવાહીમાં ઉલટભેર રસ લીધો હતો. સમાજમાં આવેલ પરિવર્તનની આ શરૂઆત હોય તેવું લાગે છે.

સામાજીક ક્ષેત્રે સમય પ્રમાણે પરિવર્તનો આવતા હોય છે. અને તે સ્વીકાર્ય પણ હોવા જોઈએ. સમય અને સંજોગો પ્રમાણે સમાજની કાર્યશૈલીમાં પણ ફેરફારો અવશ્ય કરવા જોઈએ. લોકોની અપેક્ષા સંતોષાય તે રીતે વહીવટ ચલાવવો જોઈએ. અતિશય ઉતાવળે લીધેલા નિર્ણયોની દુરગામી અસર શું પડશે તે વિચારવું જોઈએ. જેથી ભવિષ્યમાં સમાજના કાર્યોમાં તેની વિપરીત અસર ન પડે. સમાજના બધાજ વર્ગને સાથે રાખીને ચર્ચા વિચારણા કરીને લીધેલા નિર્ણયો ઉપયોગી બને છે. કોઈપણ બાબતમાં મતમતાંતર હોઈ શકે. બધાના વિચારો એકસરખા ન હોય, પરંતુ ચર્ચા વિચારણા કરીને સમાજના બહોળા વર્ગના હિતમાં કાર્ય કરી શકાય. એકબીજાના વિચારોને ખુલ્લાદિલથી સ્વીકાર કરીએ તો ઘણી સમસ્યાઓનો ઉકેલ આવી જાય.

સામાન્ય રીત કુટુંબમાં પણ ઘણી સમસ્યાઓ ઉભી થતી હોય છે. ત્યારે કુટુંબના મોભી બધાની વાત સાંભળીને જે ખરૂ લાગે તે વાત પર પોતાનો નિર્ણય આપતા હોય છે. જે કુટુંબના બધા સભ્યોને સ્વીકાર્ય હોય છે. સામાજીક ક્ષેત્રે પણ આ વાત એટલી જ લાગુ પડે છે.

અંતમાં નવનિર્વાચીત કારોબારી સમિતીને દરેક કાર્યમાં હાર્દિક સફળતા મળે તેવી શુભકામના

**શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર**

**મો. ૭૦૨૧૨૦૧૨૮૦**

# સંયમ માર્ગે પ્રયાણ

બોરીવલી નિવાસી શ્રી જીગ્નેશભાઈ હરીલાલ મહેતાની લાડલી સુપુત્રી ચિ. વિદેહી, આ અસાર સંસારની માયા છોડીને સંયમના માર્ગે પ્રયાણ કરી રહી છે. આપણા સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ-મુંબઈની દિકરી દિક્ષા લઈ રહી છે તે આપણા માટે ખુબજ ગર્વની વાત છે. આપણા સમાજમાં ઘણા વર્ષો પછી આ મંગળ અવસર આવેલ છે.


આપણા સો.વિ. જૈન સમાજ-મુંબઈની નવ નિર્વાચીત કારોબારી સમીતિને દિક્ષાર્થી બહેનનું ''અનુમોદના પત્રક'' આપી બહુમાન કરવાનો પ્રથમ પવિત્ર અવસર મળ્યો એ આપણા સમાજનું અહોભાગ્ય છે.

બોરીવલી મંડળના પ્રમુખ શ્રી વિનોદભાઈ ભગવાનજી મહેતાના નિવાસસ્થાને, સો.વિ.જૈન સમાજના મા. મંત્રીશ્રી આશીષભાઈ વિનોદરાય મહેતાના શુભ હસ્તે મુમુક્ષુ વિદેહી બહેનનું તા. ૧૨-૧-૨૦૨૨ બુધવારના રોજ બહુમાન કરવામાં આવેલ હતું. આ પ્રસંગો સો.વિ.જૈન સમાજ-મુંબઈના કારોબારી સમીતીના સભ્યો શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી, શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી, શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા તથા બોરીવલી મંડળના પ્રમુખશ્રી વિનોદભાઈ ભગવાનજી મહેતા અને ઉપપ્રમુખ શ્રી અનિલભાઈ ગુલાબચંદ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

''દિક્ષાર્થી વિદેહી બહેન અમર રહો''



***શ્રી એસ. વી. સમાજ મુંબઈ વતિ દિક્ષાર્થી બહેનનું અનુમોદના પત્રક આપી સન્માન કરી રહ્યા છે. સમાજના સેક્રેટરી શ્રી આશીષભાઈ વિનોદરાય મેહતા અને કારોબારી સમિતીના સભ્યો***



# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ
# સબ કમિટી

સમાજના પદાધિકારીઓએ તા. ૫.૧.૨૦૨૨ના સમાજના વિવિધ કાર્યો માટે નીચે મુજબની સબ કમિટીની રચના કરી છે જે મુજબ દરેક કમિટી પોતાના કાર્યોની રૂપરેખા રજુ કરશે અને કારોબારીમાં બહુમતીથી કે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા પછી તેને પૂર્ણ કરવામાં આવશે.

**કાયદાકીય બાબત**

૧) શ્રી પ્રવિણચંદ્ર સી. વોરા - કન્વીનર

૨) શ્રી મહેશભાઈ કે વોરા

૩) શ્રી કિર્તીભાઈ આર વસા

૪) શ્રી ધીરેનભાઈ ડી વસા

**શૈક્ષણિક સહાય**

૧) શ્રી જયંતભાઈ સી. દોશી - કન્વીનર

૨) શ્રી સંજયભાઈ ડી મહેતા

૩) શ્રી અતુલભાઈ ડી વસા

૪) શ્રી આશિષભાઈ વિ મેહતા

**સમૂહલગ્ન અને પરિચય મિલન**

૧) શ્રી કિશોરભાઈ એલ રામાણી - કન્વીનર

૨) શ્રી શૈલેષભાઈ વી. વોરા

૩) શ્રી જયેશભાઈ સી. વસા

૪) શ્રી યોગેશભાઈ વિ. વોરા

**મુખપત્ર**

૧) જયેશભાઈ એસ વસા - કન્વિનર

૨) શ્રી કમલભાઈ કે દોશી

૩) શ્રી રાજેન્દ્રભાઈ ઓ પુનાતર

૪) શ્રી પરિમલભાઈ એમ ભીમાણી




મદદ
એક એવી ઘટના છે..




કરો તો લોકો ભૂલી જાય છે.
ના કરો તો યાદ રાખે છે..

# પરિચય: સમાજની નવી ટીમના સ્પીરીટનો

''ઊગતા સૂર્યને સૌ પોખે'' આ એક હકીકતથી કોઈ અજાણ નથી. આવો એક સૂરજ, સમાજના આંગણે તા. ૧૭ ડીસેમ્બર ૨૦૨૧ના શુભ દિને ઉગ્યો ને તે દિવસ સમાજના ચોપડે અવિસ્મરણીય તરીકે ખતવાશે. સમાજની સામાન્ય સભાની એ દિવસે (એ.જી.એમ.) મીટીંગ હતી અને તેમાં કા.સ.ના સભ્યોની ચૂંટણીનો એજન્ડા હતો. ગમતીલા વાતાવરણમાં કા.સ.ના ૧૫-૧૫ સભ્યો બિનહરીફ ચૂંટાયા એ હકીકત જ પૂરવાર કરે છે કે હાજર રહેલ સર્વે સભ્યોની સમાજલક્ષી ખેવના અને પરિપક્વતા (મેચ્યોરિટી) ઊંચ કક્ષાએ હતા.

સ્પીરીટથી ભર્યાં ભર્યાં એ પંદર સભ્યો એટલે

૧) કિરીટકુમાર પ્રભુલાલ પોપટલાલ મહેતા

મૂળ વતન મોટી પાનેલી - હાલ અંધેરી ઉંમર ૬૬નો અનુભવ અને સજાગતા સમાજની પ્રવૃત્તિઓ માટે પ્રેરણારૂપ બની રહેશે. એમાં એમનો અભ્યાસ ઉમેરોઃ બી.કૉમ., એલ.એલ.બી. (જનરલ) સી. એ. ગ્રેજ્યુએશનના અર્થસભર સિંચનવાળી આ પહેલી વ્યક્તિ આપણને મળી છે જે સમાજનું પ્રમુખપદ શોભાવશે અને પદનું ગૌરવ પણ વધારશે. તેમના શોખની વાત કરીએ તો ટ્રાવેલીંગ, વાંચન અને નૃત્યનો પણ સમાવેશ થાય છે. તેમની અન્ય પ્રવૃત્તિઓમાં ૨૦૧૧-૨૦૧૭ વચ્ચે તેઓશ્રી રાજકોટ બૉર્ડીંગનું ટ્રસ્ટીપદ સંભાળી ચૂક્યા છે. વર્તમાનમાં તેઓશ્રી એસ.વી. ફાઉન્ડેશન પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી છે અને સાથોસાથ શ્રી એસ.વી. વેલફેર ફાઉન્ડેશનના પણ ટ્રસ્ટી છે. રોટરી ક્લબ ઑફ જુહુ બીચના ટ્રેઝરર પણ છે. એમનો વ્યવસાયિક આદર્શ પણ જાણવા જેવો છેઃ વેલ્થ ક્રીએશન થ્રુ ઈન્વેસ્ટમેન્ટ ઍન્ડ ટેક્ષેસન. સી. એ. તરીકેનો વ્યવસાય તેમને વધુ ફળે, એવી શુભેચ્છા.

એક્સ - ઑફિસીઓ (ભૂતપૂર્વ પ્રમુખશ્રી)

મહેશભાઈ મથુરાદાસ સાવડીયા

**મૂળ વતન** : પોરબંદર હાલ - મુલુંડ

**અભ્યાસ** : બી.એસ.સી.

**ઉંમર** : ૭૬ વરસ

**શોખ** : વાંચન-પ્રવાસ-સંગીત સામાજિક મેળાપ

**વ્યવસાય** : કેમીકલ મેન્યુફેક્ચરીંગ

મહેશભાઈની હસ્તરેખામાં ઉપરની વિગતો તો છે જ. તેમની કુંડળીમાં વિશેષ કંઈક છે. એ વિશેષ કંઈક એટલે તેમનો નમ્ર સ્વભાવ, સૌજન્યશીલ વ્યક્તિત્વ, આપી છુટવાની ભાવના. સંપત્તિ સર્જક બનતા સમાજમાં કરોડપતિ તરીકે ઉપસી આવ્યા. અગીયારેક કરોડ જેવી માતબર રકમ, હૉસ્પિટલ બનાવવા માટે વાપરવા માટેની તૈયારી... સમાજમાં અગીયાર કરોડ જેવી રકમ એટલે ખૂબ જ મોટી રકમ. પણ મહેશભાઈને રૂબરૂ મળો તો સંપત્તિના ભારથી લદાયેલા ન લાગે. એક્સ ઑફિસીઓ તરીકે તેમનો અનુભવ સમૃદ્ધ વારસો સમાજને મળે તો ભયો ભયો થઈ જાય. માણસ મળવા જેવો. સ્વભાવે સરળ. કોઈ સામાજીક કામમાં, પોતે ઘસારો ભોગવવા હંમેશા આતુર અને તત્પર. એમના મનની સૌ વિકાસલક્ષી ભાવના ફળો. શુભેચ્છા.

૨) ધીરેન દેવચંદ કરમચંદ વસા. મૂળ પાટણવાવના હાલ ઘાટકોપર બી. કોમ - ૬૬ વર્ષ

એમના સૌમ્ય વ્યક્તિત્વના બે આધારસ્થંભ કહેવાય. સમાજ માટે તેઓશ્રીનો, શ્રી ઘાટકોપર મંડળ સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટના ટ્રસ્ટી તેમજ ઘાટકોપર એસ. વી. મંડળના પ્રમુખશ્રી તરીકેની સેવાઓનો અનુભવ સમાજ માટે બહુ ઉપયોગી નીવડશે. ભલે બી. કૉમ થયેલા પણ રસ તો તેમનો બ્રીજના ખેલિંદા

તરીકેનો પણ એવો જ. નૅશનલ લૅવલ સુધી પહોંચ્યા છે એ સિદ્ધિ, ખેલાડી તરીકેના તેમના રસને બિરદાવવો ઘટે. ૨૦૦૪થી ૨૦૧૪ સુધી, શ્રી દે. મૂ. સૌ. વિશાશ્રીમાળી બોર્ડીંગના તેઓશ્રી ટ્રસ્ટી હતા. આ સામાજીક ક્ષેત્રોની તેમના સેવા કાર્યો થકી ધીરેનભાઈ, સમાજ માટે પણ ખૂબ ઉપયોગી સાબિત થશે. તેમની સમાજ ઉત્કર્ષ માટેની ધગશને શુભેચ્છા.

૩) માનદ મંત્રી તરીકે નિમાયેલા પરિમલ મનસુખલાલ હેમચંદ ભીમાણી, મૂળ મોટા દેવળીયાના અને હાલ ચેંબુર ૬૮ની ઉંમર અને ઈન્ટર સાયન્સ સુધીનો અભ્યાસ. મળતાવડા પરિમલભાઈની સેવા કાર્યનો ફળક ભરચક છે તેની ઝાંખી કરીએ. લાયન મેમ્બર ૧૯૯૫થી અને ૨૦૦૫-૦૬માં પ્રેસિડેન્ટ પણ ખરા. છેલ્લાં દસ વરસથી એક દાયકો - તેઓશ્રી એસ. વી. જૈન મિત્ર મંડળ, ઘાટકોપરના મંત્રી હતા અને તાજેતરમાં મંડળના વાઈસ - પ્રેસિડેન્ટનું પદ સંભાળે છે. લાયન્સ ક્લબ ઑફ ઘાટકોપર ચૅરિટેબલ ફંડના ટ્રસ્ટી રહી ચુકેલ છે. તેમ જ લાયન્સ મેડીકલ સેન્ટર - ઘાટકોપરના ટ્રેઝરરનો હોદ્દો પણ સંભાળ્યો. ૧૯૭૮થી જ્વેલરીના વ્યવસાયમાં છે. લાયન્સ ક્લબ જેવી જાજરમાન સંસ્થાના સંચાલનનો ભરપુર અનુભવ, હવે સમાજના ઉત્કર્ષમાં સારો એવો ભાગ ભજવશે. શોખ સ્પોર્ટસ, રીડીંગ, સીંગીંગ અને હિન્દી ફિલ્મોમાં ખૂબ રસ. રસપ્રદ અને અનુભવી ટીમ બનાવવામાં પરિમલભાઈનું યોગદાન સર્વેને ફાયદારૂપ નિવડો એ જ શુભેચ્છા.

૪) આશિષ વિનોદભાઈ ભગવાનજી મહેતા, યંગમાં યંગ સમાજના સેક્રેટરી. ઉંમર ૩૯ અને કાર્ય હોંશથી હાથમાં લીધું. અભ્યાસ બી.કોમ એટલે તેનો પણ લાભનો સમાજને જ મળવાનો. આ ઉંમર જ ધગશ અને લગનની. એવી વ્યક્તિઓ સમાજને મળે એ આવકાર્ય જ હોય. મૂળ-જૂનાગઢ અને હાલ બોરીવલી. આશિષભાઈનો શોખ ટ્રાવેલીંગ અને વાંચન. કન્સ્ટ્રક્શન તથા ફાઈનન્સની જાણકારી મેળવી વ્યવસાય ક્ષેત્રે ઝંપલાવ્યું. જીરાવલા પાર્શ્વનાથ દેરાસર, ફુકે (સાઉથ) અને એસોસિએશન ઑફ રીઅલ એસ્ટેટ એજન્ટના જોઈન્ટ સેક્રોટરીની જવાબદારી સંભાળી રહ્યા છે. સમાજના આ યંગસ્ટરને આવકારવાની લાગણી સ્વભાવિક હોય જ. ટીમના સ્પીરીટને બળ પૂરું પાડવાનું કામ આશિષભાઈના શીરે છે. તેઓ જવાબદારી સંભાળવામાં ખૂબ આગળ વધે તેવી શુભેચ્છા.

૫) યોગેશ વિનોદરાય લવચંદ વોરા

જે હોદ્દાનું મહત્ત્વ વધારે તે ટ્રેઝરર બનવાનું. ટ્રેઝરર તરીકે સમાજને યોગેશ વિનોદરાય લવચંદ વોરા મળ્યા. મોટા પાનેલીના અને હાલ થાણા ખાતે રહેવાનું. ૪૩ વરસના યુવાન જ કહેવાય તેવા ઉમંગથી ભર્યાભર્યા અને બી.કોમ. કરી ચુકેલા યોગેશભાઈ મુલુન્ડ ખાતેના એસ. વી. જૈન ઉત્કર્ષ મંડળમાં છેલ્લા ૧૩ વરસથી સેવા આપી રહ્યા છે. સામાજીક સેવા કાર્યો અને ખાસ તો પ્રાણીરક્ષા કાજે પણ સેવાકાર્યમાં રસ ખરો. ૨૮ વરસથી માર્કેટીંગ ક્ષેત્રનો અનુભવ ગાંઠે બાંધ્યો છે. મળતાવડા અને આગળ આવી સેવાકાર્યમાં જોડાઈ જવું એ એમનું આગવું વ્યક્તિત્વ છે. એમનો શિક્ષણક્ષેત્રે પણ એવો રસ છે. તેમના માટેની શુભેચ્છા એ સ્વભાવિક છે.

૬) મહેશ કાંતિલાલ નંદલાલ વોરા, મૂળ ધોરાજી-હાલ સાન્તાક્રુઝ. ૬૪ વરસની ઉંમરમાં ભરચક અનુભવોનું ભાથું ભર્યું છે. પિતાશ્રી કાંતિલાલ નંદલાલ વોરાનું સમાજ ક્ષેત્રનું યોગદાન સરાહનીય રહ્યું. તેમના પગલે પગલે મહેશભાઈ પણ

સમાજના સેવાકાર્ય માટે ભારે લગન ધરાવે છે. બી. કોમ સુધીનો અભ્યાસ, આર્થિક ક્ષેત્રે ઉપયોગી નિવડતો હોય છે તે મુજબ સમાજની પ્રવૃત્તિઓમાં પણ મહેશભાઈનું યોગદાન ઉત્કૃષ્ટ જ હોવાનું. સ્પોર્ટસ અને મ્યુઝીક તેમનો શોખ છે. ઈમ્પોર્ટસ - કેમિકલના વ્યવસાયમાં છે. બોલ્યા વગર મૂંગે મોઢે જવાબદારીપૂર્વક પોતાને ફાળે આવેલ કામ સુપેરે પાર પાડવાની તેમની મનોવૃત્તિ સમાજ માટે ખૂબ ઉપયોગી નીવડવાની. શુભેચ્છા.

૭) જયંત ચુનીલાલ હરખચંદ દોશી મૂળ વાળોદરના - હાલ બોરીવલી ૬૦ વરસની વયના જયંતભાઈ એક સારું વિધાન કરે છે - ''પોઝીટીવીટી સાથે જીવન જીવવું.'' ઉંમરના પ્રમાણમાં જુસ્સો તો યુવાનને છાજે તેવો. બીઝનેસઃ સી. એન્ડ એફ. કારોબારી સમિતીના સભ્યોની ટીમમાં, ભરપૂર પોઝીટીવીટી ઉપલબ્ધ થતી રહે. શુભેચ્છા.

૮) સંજય ધનસુખલાલ અમૃતલાલ મહેતા, ૫૦ વરસના છે. મૂળ વતન - જામકણ્ડોરણા. હાલ - બોરીવલી બી.કૉમ થયેલ સંજયભાઈનો શોખ પ્રવાસ અને સામાજીક કાર્ય છોગામાં સંજયભાઈ અત્યારે શ્રી એસ.વી. જૈન મંડળ, બોરીવલીના મંત્રીશ્રી છે. પરામાના આપણા અન્ય મંડળો પણ સમાજ અર્થેની વિવિધ પ્રવૃત્તિઓ કરે છે તેનો અનુભવ, બોરીવલી મંડળના મંત્રીશ્રી તરીકે સંજયભાઈને મળ્યો હોય તે સ્વાભાવિક છે. તેનો લાભ હવે સમાજને મળશે. શુભેચ્છા.

૯) રાજેન્દ્ર ઓત્તમચંદ ઓધવજી પુનાતર
આ એક એવું નામ છે કે જે લખતાંય હર્ષ થાય ને વાંચતા થાય. એ રાજેન્દ્ર ઓત્તમચંદ ઓધવજી પુનાતર મૂળ દેવગામના-હાલ મુલુન્ડ. મુલુન્ડ એટલે જ્ઞાતિ પ્રવૃત્તિઓનું યશસ્વી સ્થળ. ૬૬ વરસની ઉંમર એ કસાયેલા અનુભવની ઉંમર. બી. કોમ સુધીનો અભ્યાસ. વાંચન અને સામાજીક કાર્યોમાં ભારે દિલચસ્પી. ભૂતકાળમાં વર્ષો સુધી બોર્ડીંગમાં મિત્રોના સહવાસમાં એક બીજાને ઉપયોગી થવાની ભાવના પાંગરતી ગઈ. છેલ્લા ૩૦ વરસથી મુલુન્ડ મંડળની પ્રવૃત્તીઓ સાથે સતત જોડાયેલા છે. ૬૬ની ઉંમરમાંથી ૩૦ બાદ કરો તો અર્ધી જીંદગી તો મુલુન્ડના સેવાકાર્યોમાં વીતાવી. આવા બડભાગી કેટલાં? અગાઉ પણ સમાજના મુખપત્ર સો.વિ. ના તંત્રીશ્રી તરીકે ઉજળો હિસાબ આપી ચુક્યા છે તે રાજુભાઈ પુનાતર, ફરી તંત્રી તરીકે નિમાયા છે. ખૂબખૂબ શુભેચ્છા.

૧૦) કિર્તી રસિકલાલ લવચંદ વસા હાલ ચેમ્બુર - મૂળ વતન વંથલી. વંથલીનું આગવું સ્થાન છે. આપણા સમાજમાં તે સૌને વિદિત છે. ૬૪ વરસની ઉંમર અને બી.કૉમ થયેલા કિર્તીભાઈને સ્ટોક માર્કેટનો સારો એવો અનુભવ છે. સામાજીક ક્ષેત્રે શ્રી ચેમ્બુર જૈન સંઘના વાઈસ-પ્રેસિડન્ટ અને શ્રી સો.વિ.શ્રીમાળી જૈન મિત્ર મંડળ, ઘાટકોપરના મંત્રીશ્રીના પદે અત્યારે છે. આમ નિવડેલા કાર્યકરો, સમાજના સર્વ ક્ષેત્રે, પ્રેરક સેવા પૂરી પાડશે. શુભેચ્છા.

૧૧) કમલ કાંતિલાલ સૌભાગ્યચંદ દોશી મૂળ વતન ધોરાજી-હાલ-બોરીવલી ટેક્ષ-કન્સલટન્ટ્સ તરીકેનો વ્યવસાય અને બી.કૉમ.નો અભ્યાસ. વાંચન-પ્રવાસ-સામાજીક કાર્યને તેમણે શોખમાં પરોવી લીધા છે. સામાજીક ક્ષેત્રે તેઓશ્રી શ્રી. સો. વિ. જૈન મંડળ, બોરીવલીના કમિટી મેમ્બર છે. કમલનું કામ ખીલવાનું તે વિદિત છે તે રીતે આપણા કમલભાઈ સમાજની પ્રવૃત્તિઓને વિશાળ પટ પર ખીલવી દે માટે શુભેચ્છા.

૧૨) અતુલ ધનજીભાઈ ભાઈચંદ વસા પાટણવાવ-મૂળ વતન હાલ મલાડ. બી. કૉમ ગાંઠે બાંધ્યું છે. આ

લખતાં લખતાં વિચાર આવી ગયો કે આ ટીમમાં બીકૉમ પાસ સભ્યો વધારે છે. આ શિક્ષણ જરૂર જવાબદાર વ્યક્તિ બનાવે તેથી જ સમાજ કાજે કામ કરવાની ધગશવાળા આ ટીમમાં જોડાતાં જાય છે. ધન્ય ઘડી. ધન્ય ભાગ્ય. મલાડની સંસ્થામાં મેમ્બર છે. અતુલભાઈના અનુભવોનો લાભ સમાજને મળશે. છેલ્લા ૩૦ વરસથી કેમિકલ લાઈનમાં સ્વતંત્ર રીતે વ્યવસાયમાં છે. શુભેચ્છા.

૧૩) જયેશ શરદચંદ્ર ઘેલાભાઈ વસા પણ પાટણવાવના છે અને કાંદિવલીમાં રહે છે. ૫૯ વરસની ઉમર અને બી. કૉમ. પાસ જયેશભાઈ ક્રિકેટના શોખીન છે. ટીમમાં સ્પોટર્સના રસિકજનો પણ જોઈએ. સમાજમાંથી વીણી વીણીને સમાજની ટીમ બની છે સભ્ય જયેશભાઈનું યોગદાન પ્રગતિપંથે જવા માટેનું જ હોય તે સ્વભાવિક છે. શુભેચ્છા.

૧૪) શૈલેષ વૃજલાલ જગજીવન વોરા શંખેશ્વર પાર્શ્વનાથ જીનાલય, કાંદિવલીના તેઓશ્રી સેક્રેટરી છે. તેમનો અનુભવ હવે સમાજ માટે અંકે થતો જશે. મૂળ વતન - ધોરાજી સ્ટેનલેસ સ્ટીલના ડીલર છે. વિશેષ એક શૈલેષભાઈ, શ્રી એસ. વી. જૈન મિત્ર મંડળ, કાંદિવલીના પ્રમુખ છે. ૫૭ વરસની ઉંમરે સમાજ હિતાર્થે ઉપયોગી થયા માટે અંદર લગન જોઈએ અને સમાજને ઉપયોગી થવાની ભાવના પણ. શૈલેષભાઈમાં લગન અને ભાવના, બન્ને એકત્રિત થઈ તેમને કાર્યરત રાખશે. શુભેચ્છા.

૧૫) જુના જોગી અને સમાજના એન સાયકલોપિડીયા કહેવાય એવા કિશોરભાઈ લાલચંદ જાદવજી રામાણી મૂળ વતન મજેવડી, હાલ - બોરીવલી ૬૭ વરસની ઉમંરે પણ સ્ફૂર્તિલા છે. બી. કૉમનો અભ્યાસ અને તે પણ દે. મૂ. જૈન બોર્ડીંગના વિદ્યાર્થી તરીકે. તેઓશ્રી બોર્ડીંગમાં લીધેલા શિક્ષણની વાત ગૌરવથી કહે છે. રોક્ષી સીનેમા અને કપુરચંદ ઍન્ડ કં. માં કામ કરી હાલ રીટાયર્ડ લાઈફ મસ્તીથી જીવે છે. તેમનો મુખ્ય શોખ, બધા સાથે સંબંધનો સેતુ બનાવવો. મળતાવડાપણું એ એમની લાક્ષણિકતા બોરીવલી જૈનમંડળના પદાધિકારી રહી ચૂક્યા છે તેમજ સમાજના મંત્રી તરીખે પણ સેવા બજાવી શુભેચ્છા.

સ્પીરીટેડ ટીમના બે કૉપ્ટ સભ્યો વિષે પણ જાણીએ.

૧) નામ તો પ્રવીણભાઈ ચીમનલાલ વોરા, પણ PC ના નામથી સમાજમાં જાણીતા. ૭૮ વરસની પાકટ વય પણ થનગનાટ યુવાનને પણ શરમાવે તેવો. બી.કૉમ. માવજીંજવા (બગસરા) મૂળ વતન હાલ સાયન ખાતે.

ગીત-ગઝલના આસ્વાદના રસિકજન મુસાફરી અને વાંચન પણ તેમના શોખના અંશ. તેમની સામાજીક સેવાઓ વિસ્તૃત છે.

(એ) રાજકોટ બોર્ડીંગમાં ૨૦૦૮-૨૦૧૪ સુધી ટ્રસ્ટી

(બી) શ્રી ઘાટકોપર મંડળ-ઉત્કર્ષ ટ્રસ્ટના ટ્રસ્ટી

(સી) બગસરા જીનાલયમાં કાર્યરત

(ડી) જૈનેક્ષ લિ. માં ડીરેક્ટર તરીકે ૫૪ વરસથી કાર્યરત

૨) પાટણવાવના જયેશ ચુનીલાલ હરખચંદ વસા હાલ - ભાયંદર. ૬૦ વરસની ઉમર. ફરવાનો ખાસ શોખ. એસ.વી. જૈન મંડળ, ભાયંદરના પ્રમુખશ્રી રીટાયર્ડ. જયેશભાઈ જ્ઞાનપિપાસુ જીવ છે. ભાયંદર મંડળના પ્રમુખ સમાજના કોપ્ટ સભ્ય તરીકે લેવાય તેમાં તે વ્યક્તિનું વ્યક્તિત્વ પથદર્શક હોવુ ઘટે. આમેય કોઓપ્ટ સભ્યોને વધુ ટકોરા મારી નીવડેલા જ સ્થાન પામે છે. સમાજને બન્ને કોઓપ્ટ સભ્યો કાર્યરત અને ડેડીકેટેડ સભ્યો મળ્યા છે. શુભેચ્છા.

આટલે સુધી આવ્યા પછી થોડી તારવણી કાઢી ઉંમર બાબતે વર્ગીકરણ કરીએ તો સૌથી નાની ઉંમર ૩૯ વરસની - આશિષ વિનોદભાઈ મહેતા (બોરીવલી) સૌથી મોટી ઉંમર ૭૮ની પ્રવિણભાઈ ચીમનલાલ વોરા (PC) સાયન

૪૩-૧, ૪૯-૧, ૫૦-૧, ૫૭-૧, ૫૮-૧, ૫૯-૧, ૬૦-૨, ૬૪-૧, ૬૬-૩, ૬૭-૧, ૬૮-૧,

અભ્યાસનું વર્ગીકરણ કરીએ તો

બી કૉમ. એલ. એલ. બી. (જનરલ) સી. એ. ૧

બી. કોમ. ૧૨

એસ. એસ. સી. ૧

એસ. વાય. બી. કોમ. ૨

ઈન્ટર સાયન્સ ૧

ટીમના સભ્યોનો સ્પીરીટ સકારાત્મકતાથી છલોછલ છે. મુખ્ય સુત્રધાર (પ્રમુખશ્રી) શ્રી કિરીટભાઈ મહેતા અને તેમના સાથીઓએ સારું જુથ ઊભું કર્યું છે તે પહેલી નજરે જ દેખાય આવે તેવું છે. ટીમ તો ભૂતકાળમાં ઘણી થઈ. વખાણવા લાયક બની. પણ આજનો માહોલ કંઈક જુદો છે. સૌ કોઈ પરિવર્તન ઝંખી રહ્યા છે. ''સમાજ મારો'' એ ભાવના અર્ધે રસ્તે ઊભી છે. પાકું સ્થાન એ ભાવનાને આપવું હોય તો ભૂતકાળમાંથી શીખી, જાણી, વિશેષ પ્રયત્નો રૂપે જુની-નવી પ્રવૃત્તિઓ વિકસાવવી પડશે. વખાણના હારતોરા સમયોચિત છે એટલે પહેરાવ્યા. એથી આનંદ થાય છે, માત્ર એક વાત ખૂંચે છે ને તે એ કે આજના આધુનિક યુગમાં, આપણા સમાજમાંથી, મહિલા વર્ગનું પ્રતિનિધિત્વ આ ટીમમાં કેમ નથી? એક જ્ઞાનીએ કહ્યું છે કે લગન હોય તો સાધન મળી જ રહે. બહેનોને કાર્યરત કરવા હોય તો, સામેથી આવશે એ ભ્રમમાં ન રહેવું. પુરુષોને ય લાવવા હોય તો મળવું પડે છે, સમજાવવા પડે છે, આગ્રહ કરવો પડે છે. હજી મોડુ થયું નથી. મહિલાવર્ગનું એક ગ્રુપ ઊભું કરી શકાય. અત્યારે તે ગ્રુપ બાય ધ લેડી, ઑફ ધ લેડી, ફોર ધ લેડી સ્વરૂપમાં હોય તે ઈચ્છવા જોગ. પણ સાથે અન્ય અભિપ્રાયો સક્રીય રીતે મેળવવા. પણ કરવા જેવું કામ છે.

સમાજની કાર્યરત અને સમર્પિત ભાવે કામ કરવા કંડારાયેલી આ ટીમ, તેના કાર્યકાળમાં સફળતાની કળગી ધારણ કરે તે ભાવના અસ્થાને નથી. આવકાર અને અભિનંદનની આ પ્રક્રિયામાં, અત્રે મને સમાજના શુભેચ્છક, નિવડેલ પત્રકાર અને મારા મિત્ર શ્રી મહેન્દ્રભાઈ પુનાતરના આ શબ્દો યાદ આવે છે. તેમણે સમાજની નવી ચૂંટાયેલી કાર્યવાહક સમિતિના સભ્યોને આવકાર અને અભિનંદન આપતા કહેલ કે ''બધાએ સાથે મળીને ચાલવાનુ છે. સમાજના ઉત્કર્ષ માટે એકતા અને સાથ સહકાર વધુ મહત્વનો છે. આ કોઈની હાર નથી કોઈની જીત નથી. વિજય તો સમગ્ર સમાજનો છે... સમાજના ઈતિહાસમાં પ્રથમ વખત ઉપનગરના મંડળોને યોગ્ય પ્રતિનિધિત્વ મળ્યું છે. સમાજને એક રાખવા અને આગળ લઈ જવા માટેનું આ મહત્ત્વનું કદમ છે. નવી કાર્યવાહક સમિતિ સૌના સહિયારા પ્રયાસ વડે સમાજને પ્રગતિના રાહ પર આગળ લઈ જશે એવી આશા અસ્થાને નથી.'' શ્રી મહેન્દ્રભાઈ પુનાતરે હંમેશા સમાજ માટે એક અચ્છા શુભેચ્છક તરીકે પોતાનું સમયે સમયે યોગદાન આપી દાખલો બેસાડવાનું કામ કર્યું છે. ક્ષમાપનામાં મારે તો માત્ર આ ચાર પંક્તિઓ મૂકવી છેઃ

**કે ના પૂછો કે હૈ મેરી મંઝિલ કહાં,**
**અભી તો સફર કા ઈરાદા કિયા હૈ,**
**ના હારુંગા મૈં હોંસલા ઉમ્રભર.,**
**કિસીસે નહીં. ખુદ સે વાદા કિયા હૈ.**

**લેખકઃ મધુભાઈ ભીમાણી**

**મો. ૯૮૬૭૦૯૮૪૪૫**

# શ્રી સોરઠ વિસા શ્રીમાળી જૈન સમાજ-મુંબઈ

**આયોજિત**

## શ્રી તારાચંદ ધનજી મહેતા પરિવાર **પ્રેરિત**

## સમૂહ લગ્નોત્સવમાં જોડાવા

## ભાવભર્યું નિમંત્રણ

**તા. ૨૪-૦૪-૨૦૨૨ - રવિવાર**

સમૂહ લગ્નોત્સવ એટલે સ્વજનો સાથે સમસ્ત સમાજનાં મંગલમય આશીર્વાદથી થતું દામ્પત્ય જીવન. સમૂહલગ્ન એ સમાજની એકતા અને બંધુતાનું મહત્ત્વનું પરિબળ છે. સમાજની એકતા સામૂહિક પ્રસંગોમાં રચાયેલી છે. સમૂહ લગ્નોત્સવમાં ભાવાત્મક એકતા સાથે પારંપારિક મૂલ્યોનું જતન થાય છે. સમય અને સંપત્તિના બચાવ સાથે વિકાસનું કદમ છે. ક્રાંતિકારી માર્ગ છે. સમાજ સમય સાથે તાલ મિલાવવા સમૂહલગ્નો યોજે છે. તો એ તાલમાં આપણે તાલ મિલાવીએ.

આ વર્ષે સંવત ૨૦૭૮ ચૈત્ર વદ ૯ તા.૨૪-૦૪-૨૦૨૨ **રવિવારના** શુભ દિને યોજવાનું નક્કી કરેલ છે. સમાજના લગ્નોત્સુક યુગલોને જોડાવા ભાવભર્યું નિમંત્રણ છે. **તા. ૨૪-૦૩-૨૦૨૨ સુધીમાં** ફોર્મ ભરીને સમાજની ઓફિસમાં નામ નોંધાવી જવા.

જે પરિવારોમાં લગ્નોનો શુભ પ્રસંગ છે તે સર્વે પરિવારોને સમૂહ લગ્નોત્સમાં જરૂર જોડાવા ભાવભર્યું નિમંત્રણ...

કિરીટકુમાર પી. મહેતા - ૯૮૨૦૨૨૯૦૩૬

: સમુહ લગ્ન અને પરિચય મિલન સબ-કમિટી :

કિશોર એલ. રામાણી - ૯૩૨૧૯૮૮૩૭૩

શૈલેષ વી. વોરા

જયેશ સી. વસા

યોગેશ વી. વોરા

# પૈસો, પ્રામાણિકતા અને તમે

એક વાત તો સો ટકા સ્વીકારવી પડે કે જો તમે તમારા દેશના જી.ડી.પી. - ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટમાં વૃદ્ધિ કરવામાં પાળો નોંધાવતા નતી તો તમે તમારી માતૃભૂમિ પર બોજારૂપ છો. આ દુનિયાનું ભગવાને સર્જન કર્યું પમ પછી એને ચલાવવાની જવાબદારી તમને સોંપી દીધી. તમને એટલે? ખેડૂતને, સુથારને, બીલ્ડરને, જ્વેલરને, ફૅક્ટરીના વર્કર્સને, રાજકારણી અને બ્યૂરોક્રેટ્સને કળાકારને, વૈજ્ઞાનિકને, ડ્રાઈવરને, ટાટાને, બિરલાને, અંબાણીને, પટાવાલાને, કુંભારને, શાકભાજીવાળાને, બધાને.

બધાએ પોતપોતાનું કામ કરવાનું. કાં તો કશુંક ઉગાડવાનું, કાં પછી બનાવવાનું - સર્જન કરવાનું, કાં પછી ડૉક્ટર-સીએ-આર્કિટેક્ટ વગેરે બનીને સર્વિસીઝ આપવાની, પણ કશુંક તો કરવું જ પડે. આ દુનિયામાં આવીને આળસના પીરની જેમ પડ્યા રહીએ તો આ ધરતી પરનો બોજ ગણાઈએ. નિવૃત્તિની વય પછી પણ કંઈક કરતાં રહેવું પડે. અર્થિક વળતર કેટલું મળે છે ને કેટલું નહીં એની ગણતરી કર્યા વગર કંઈક તો કરવું જ પડે. હાથ-પગ-દિમાગ ચાલે છે ત્યાં સુધી રોજેરોજ કોઈક એવા કામમાં પ્રવૃત્ત રહેવું પડે જેને કારણે આ દુનિયા ચાલતી રહે.

ભગવાને આ જવાબદારી તમને આપી દીધી છે. એ બેઠાબેઠા જોયા કરે છે ઉપરથી. દુનિયા બનાવીને થાકી ગયો છે. દરેકને પોતપોતાના કામનું અસાઈન્મેન્ટ આપીને હવે જરા ઘડી વાર થાક ખાઈ રહ્યો છે. તમે કામ કરો છો તો કેવું કરો છો, વેઠ તો નથી ઉતારતા ને... એ બધું એના ચોપડે નોંધાય છે અને તમારા કામ પ્રમાણે તમને વળતર મળે છે, કારણકે એણે વધારે રિસ્ક લીધું છે, પોતાની બધી મૂડી દાવ પર લગાવીને ઈન્ડસ્ટ્રી શરૂ કરી છે એને વધારે વળતર મળવાનું. કોઈને મળતું મહેનતાણું ઍપરન્ટલી ઓછું લાગે છે, પણ એની સામે એને આનંદ એટલો બધો મળે છે કે ટેન્શન દૂર કરવા માટે સ્વિટ્ઝરલૅન્ડ જઈને પાંચ લાખ રૂપિયાનો ખર્ચ કરવાની જરૂર પડતી નથી. આ એની બચત થઈ અને કમાણી ગણો તો કમાણી થઈ.

ક્યારેક કોઈક કામમાં કે કોઈક ગાળા દરમિયાન કોઈને વધારે મળ્યું અને કોઈને ઓછું મળ્યું એની ચણભણ થઈ શકે, પણ સરવાળે દરેકને એની યોગ્યતા મુજબનું મળી જતું હોય છે - પેલી સ્વિટઝરલૅન્ડવાળી વાતનો ખર્ચો એમાં ઉમેરો તો. ગાડી નથી ને ટાંટિયા ઘસવા પડે છે એવી ફરિયાદ કરનારને અંદાજ પણ નથી કે એને ડાયાબિટીસ અને હાઈ બીપીની ગોળીઓનો દર મહિને હજારો રૂપિયાનો ખર્ચો કરવો પડતો નથી.

પૈસાની આસપાસ આખું જગત ઘૂમે છે કે પછી આ જગતની આસપાસ પૈસો રાસડા લે છે? જગતના કેન્દ્રમાં પૈસો નથી, પ્રવૃત્તિ છે. એવી પ્રવૃત્તિઓ જેના દ્વારા ક્યારેક પૈસો મળે છે. ક્યારેક ઘણોબધો મળે છે તેઓ ક્યારેક પૈસાની આવેજીમાં બીજું કંઈક મળે છે - સંતોષ કહો એને કે પછી જે ગમે તે નામ આપો. આ બગવાનની બાર્ટર સિસ્ટમ છે - પૈસાને બદલે કંઈકબીજું આપીને તમને ખુશ કરવાની, તમને ખુશ થતાં આવડવું જોઈએ.

અને એટલે જ પૈસો કમાવા માટે પ્રામાણિકતા, નિષ્ઠા, સિદ્ધાંતો, આત્મગૌરવ વગેરેને નેવે મૂકી દેવામાં ખોટનો સોદો થતો હોય એવું લાગે છે. આ બધા સદ્‌ગુણોની વ્યાખ્યા દરેકની પોતપોતાની હોવાની અને એ વ્યાખ્યાઓને દરેક જણ પોતાની પરિસ્થિતિ, પોતાની જરૂરિયાત મુજબ રબર બૅન્ડની જેમ ખોંચી સંકોચીને લાંબીટૂંકી કરતા રહેવાનું. આપણે સૌ કી 'ગાંધીજી'નહોતા. એમણે પોતાના ઉમદા હેતુઓ બર લાવવા રબર બૅન્ડવાળી કરી જ હતો.

પૈસો કમાવા માટે આ બધા સદ્‌ગુણોને ચોડી દેવાની જરૂર નથી. કદાચ આમાંના કોઈ કે બધા ગુણોનો ત્યાગ કરવાથી વધારે પૈસો મળી જતો હશે, પણ એની સામે પેલી બાર્ટર સિસ્ટમ પ્રમાણે ડાયાબિટીસ-બીપીનો આજીવન સામનો કરવાનો ખર્ચો પણ આવવાનો. ખર્ચો તો બાજુએ મૂકો, પણ એવી હેલ્થ સાથે જીવવાની શું મઝા? થોડુંક ઓછું કમાઈને, ટેન્શનરહિત કમાણી કરીને જો સારા સ્વાસ્થ્ય સાથે જીવી શકાતું હોય તો એમાં ખોટું શું?

પૈસો જરૂરી છે અને પૈસો જોઈએ જ છે. મને, તમને બધાને. સવાલ કેટલો અને એના કરતાં મોટો સવાલ કેવી રીતે એ જોઈએ છે તે છે.

આજે ધનતેરસ નિમિત્તે પૈસા વિશે જેટલું ચિંતન થવું જોઈએ એટલું કરી નાખ્યું જેનો સાર બે જ શબ્દોમાં મૂકી શકીએ. કેટલો? કેવી રીતે?

**- સૌરભ શાહ**

# યાદના સથવારે

યાદના સથવારે... ''યાદે, યાદ આતી હૈ'' બાતે ભૂલ જાતે હૈ'' યાદોની કોઈ વ્યાખ્યા નથી હોતી એ તો ક્યારે પણ કોઈને કોઈ પણ અવસ્થામાં આવી જાય છે લોકોને ટોળામાં પણ એકલા પાડી દે છે અને ઘણીવાર એકાંતમાં પણ કોઈ પ્રસંગની યાદ આવતા જ મેદની થઈ જાય છે. જીવાય ગયેલા પ્રસંગો કે પળોને ફરીથી એક વાર માણી લેવાનો મોકો આ યાદો આપણને વારંવાર આપે છે. કડવા અને મીઠી બંને અનુભવો વ્યક્તિના જીવનમાં બનતા હોય છે.

**યાદના સથવારે...**
**''યાદે, યાદ આતી હૈ''**
**''બાતે ભૂલ જાતે હૈ''**

યાદો ની કોઈ વ્યાખ્યા નથી હોતી. એ તો ક્યારે પણ કોઈને કોઈ પણ અવસ્થામાં આવી જાય છે. લોકોને ટોળામાં પણ એકલા પાડી દે છે અને ઘણીવાર એકાંતમાં પણ કોઈ પ્રસંગની યાદ આવતા જ મેદની થઈ જાય છે. જીવાય ગયેલા પ્રસંગો કે પળોને ફરીથી એકવાર માણી લેવાનો મોકો આ યાદો આપણને વારંવાર આપે છે.

કડવા અને મીઠા બંને અનુભવો વ્યક્તિના જીવનમાં બનતા હોય છે, કડવા પ્રસંગોને યાદ કરવું ઓછું ગમે છે, પણ જ્યારે કોઈના કટાક્ષ કે કડવા વેણથી ભુલાયેલો તબક્કો ફરી મન અને મગજ પર ફરી વળે છે. કોઈએ કરેલો દગો કે વિશ્વાસઘાતની યાદ માનવમન પર એવી તો ચિતરાઈ જાય છે કે ગમે તેટલો સમય કે સારી વ્યક્તિનો સંગાથ પણ તેની ભુલાવી નથી શકતું. સારા સંબંધોને સજીવન રાખવા ઘણી ઘટનાઓને દફનાવી પડે છે.

આપણા સૌના જીવનમાં પ્રેમની અનુભૂતિ ક્યારે ને ક્યારે તો થઈ જ હશે. પ્રેમ જિંદગીમાં આવતો એક પ્રસંગ છે, તેમાં ઉજવાયેલા દિવસોની યાદ માત્રથી તે અવસર બની જાય છે. ઘણીવાર તે વ્યક્તિનો સાથ કદાચ થોડા સમયમાં જ છૂટી પણ ગયો હોય તો પણ આ યાત્રાની યાદો આખી જિંદગી આપણા માનસપટ ચાલતી રહેતી હોય છે. જેમ કે પ્રેમની યાદને તરતાઝા કરી દે તો વરસાદ હંમેશા પ્રેમીપંખીડાને પોતાના સમયે વરસાદમાં કરેલી મસ્તી, ચુંબન કે રીસામણા મનામણાંની યાદોથી ભીના કરી નાખે છે. સાથે રહેવું કે કાયમી મળતાં રહેવું એટલે જ પ્રેમ નથી. તેની યાદ માત્રથી મોઢા પર આવેલું એક સ્મિત જ જીવનભર આની સાબિતી આપતી રહે છે.

પ્રેમ વિષે તો આપણે બહુ વાત કરી પણ યાદની વાત થાય ત્યારે સખા સહિયારાને તો કેમ વિસરી જવાય? જિંદગીની મીઠી પળોની યાદમાં દોસ્તની યાદ સૌથી મોખરે હોય છે. કોઈ જૂનું આલ્બમ જોતા કે કોઈ એવી જગ્યા કે માહોલમાંથી પસાર થતા જ આપણને આપણા ગમતા સખાની યાદ જવલ્લેજ ન આવે ક્યારે છૂટી ગયેલી નિશાળ કે કોલેજ બાજુથી નીકળીએ ત્યારે હું હજીયે મારી દીકરીનો મારા જમાનામાં કરેલી મસ્તી મજાક અને અવનવી વાતો એટલી તો રસપ્રદ હોય કે દર વખતે દીકરીને સાંભળવી ગમે.

યાદનું વિજ્ઞાન અનોખું જ છે. ઘણીવાર કોઈ વાત દાયકાઓ પછી પણ અચાનક આપણા વિચારમાં સાંભરી આવે છે. જેમ કે આજના જીવનમાં ટેલિવિઝન પર હજારો ચેનલ્સ અને ચોવીસ કલાક મ્યુઝિક ચેનલ જોય ને એંશીના શતકના છાયાગીતને કેમ ભુલાઈ? આજ વસ્તુ મારા વડીલને જોઈ બિનાકા ગીતમાલા યાદ આવી જાય. આમ એક જ પ્રસંગ જોતા બધાના મગજમાં અલગ અલગ યાદોના ઘોડાપુર આવે છે.

મોટા સંયુક્ત કુટુંબમાં રહેતી વ્યક્તિ સંજોગવશાત જો જીવનમાં એકલી રહી જાય ત્યારે તેની એકલતામાં તે કુટુંબ સાથે જીવાયેલી ખટમધુરી યાદો તેના જીવનનો પ્રાણવાયુ પુરવાર થાય છે. યાદ વિષે એટલું બધું લખી શકાય તેમ છે પણ બધું જ અહીં સમાવું મુશ્કેલ છે.

યાદ માટે પણ કહી શકાય કે ''જિંદગી કે સાથ ભી, ઝીંદગી કે બાદ ભી''

**- નેહા શાહ**

# અક્ષતનો એક દાણો

મંત્રીશ્વર વસ્તુપાળે શિલ્પી યશોધર પાસે ગિરિરાજ આબુ પરનાં મંદિરોનું નિર્માણ શરૂ કરાવ્યું ત્યારે એ મૂંઝાયા કે, આ કાર્યભાર સંભાળવો શી રીતે? મંત્રી વસ્તુપાળ અને તેજપાળનાં શિર પર રાજકીય જવાબદારીઓ પણ હતી. અનેક પ્રવૃત્તિઓમાં ગૂંથાયેલ મંત્રી વસ્તુપાળ અને મંત્રી તેજપાળ માટે આબુ ઉપર રહીને નિર્માણકાર્ય આટોપવું તે તો સંભવ નહોતું. એવે વખતે કુળની અધિષ્ઠાત્રી જેવાં અનુપમાદેવી આગળ આવ્યાં. તેમણે કહ્યુંઃ 'આ ગિરિરાજ પર મંદિર નિર્માણની સંપૂર્ણ જવાબદારી હું સંભાળીશ. મને આજ્ઞા આપો!'

મંત્રી વસ્તુપાળ પ્રસન્ન થઈ ગયા.

અનુપમાદેવી ત્યાં રોકાયાં.

એ પહાડ પર ટાંકણાના અવાજ ગુંજતા ત્યારે નીરવ વાતાવરણમાં ખુશનુમા લય ઉમેરાતો. દિન-પ્રતિદિન કાર્ય આગળ વધતું હતું. મંદિરના બારસાખની સ્થાપનાનું મુહૂર્ત આવ્યું એ વખતે અનુપમાદેવી અતિપ્રસન્ન હતાં. તેમણે શિલ્પીઓને કહ્યુંઃ

'આજથી પથ્થર કોતરતાં જે કંઈ રજકણ નીચે પડશે તેના ભારોભાર ચાંદી હું તમને આપીશ.'

શિલ્પીઓના કામમાં ત્વરા તો હતી જ. હવે તેમાં ભક્તિ ભળી. અનુપમાદેવીની ચોમેર પ્રશંસા થઈ રહી. એક દિવસ અનુપમાદેવીએ કહ્યુંઃ 'શિલ્પસમ્રાટ! આ મહાન મંદિર સદીઓ પર્યંત અમર રહે તેવી તેમાં કળા રચાવી જોઈએ.'

શિલ્પી યશોધરે કહ્યુંઃ 'દેવી! એમ જ થશે. આપને કોઈ કથાનકો કોતરાવવાં હોય તો કહો.'

અનુપમાદેવીએ થોડી ક્ષણો વિચારીને કહ્યુંઃ 'મંદિરના કોઈ ખૂણે એક સ્ત્રી હાથમાં થાળ લઈને ઊભી હોય અને તેમાં અક્ષતનો એક દાણો હોય એવું એક શિલ્પ કોતરજો.'

'જરૂર'. શિલ્પીએ કહ્યું, પણ શિલ્પી વિચારમાં પડી ગયો. મંત્રીશ્વર તેજપાળનાં પત્ની અનુપમાદેવીએ આવું શિલ્પ કોતરાવવાનું શા માટે કહ્યું હશે? એણે ધીરેથી પૂછ્યુંઃ

'મા, આવું શિલ્પ શા માટે?'

'ભાઈ, અનુપમાદેવીએ જ્યારે ઉત્તર વાળ્યો ત્યારે આંખોમાં ઝળઝળિયાં રમતાં હતાં. 'નાનપણમાં હું પ્રભુની ભક્તિ કરવા જતી. અમારું કુટુંબ સામાન્ય હતું. આર્થિક સ્થિતિ અમારી નબળી હતી ત્યારે મનમાં થતું કે જે જિનમંદિરમાં હું ભગવાનની પૂજા કરવા જાઉં છું, એવા જ મહાન પરમાત્માની ભક્તિના સ્થાપત્ય જેવા જિનમંદિરનું નિર્માણ કરવા મળે તો કેવું સારું! આજે મારા જેઠજી લુણીંગદેવની પુણ્યસ્મૃતિમાં આ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે ત્યારે મને મારું બચપણ યાદ આવે છે અને મને થાય છે કે હાથમાં થાળ લઈને જતી એક સ્ત્રીની પ્રતિમા કોતરાવીને મારું સ્મરણ એમાં જોડવું જોઈએ.'


શિલ્પીએ કહ્યુંઃ 'હાથમાં થાળ લઈને જતી એક સ્ત્રીની પ્રતિમા તો આપણે કોતરીશું જ, પણ તેમાં અક્ષતનો એક દાણો હોય તેવું શા માટે?'

અનુપમાદેવી કંઈ ન બોલ્યાં. એમની આંખોમાંથી આંસુ વહેતાં હતાં. થોડી વાર પછી એમણે કહ્યુંઃ

'ભાઈ! એ હાથમાં થાળ લઈને જતી સ્ત્રી તે તો હું જ છું, પણ હાથમાં રહેલા થાળમાં અક્ષતનો એક દાણો એટલા માટે કે મારી એટલીય ભક્તિ પ્રભુ સુધી પહોંચે તો બસ!' અને અનુપમાદેવીએ મંદિર ભણી હાથ જોડયાં. શિલ્પીની આંખોમાં પણ આંસુ છલકાઈ ઊઠ્યાં.

**- આચાર્ય શ્રી વાત્સલ્યદીપસૂરિ**

# જાન્યુઆરી માસના મુખપત્રના "સૌજન્ય દાતા"



## રતીલાલ ફુરજી મહેતા

જન્મ : તા. ૩.૧૦.૧૯૧૩
અરિહંતશરણ : તા. ૧૬.૧૨.૧૯૯૫

આપનું કુટુંબ પ્રત્યેનું વાત્સલ્ય અને મીઠી સ્નેહભરી યાદો કાયમનું સંભારણું બની છે.
અથાગ પરિ શ્રમ સાથેની જીવનયાત્રા હર ઘડી યાદ કરીએ છીએ
તમારા સ્મરણ સાથે પ્રાર્થના કરીએ છીએ કે અમે એકબીજાના દ્રષ્ટિબિંદુ સમજી શકીએ.
જીવનમાં લાગણીઓને વહાવીને સંવેદનશીલ બની શકીએ.
જીવનમાં શુભ સંકેતોને અમે પારખી જ્યાં જ્યાં ચૈતન્યનો ધબકાર છે.
ત્યા અંતરમનમાં તમારા દર્શન કરી શકીએ.
પ્રભુ તમારા આત્માને પરમશાંતિ બક્ષે તેવી અભ્યર્થના,
પરિવારજનો

મહેશ રતીલાલ મહેતા
કિરણબેન મહેશ મહેતા

નિશાંત હેમંતભાઈ મહેતા
કૃપા નિશાંત મહેતા
ધ્વની નિશાંત મહેતા
જિયાના નિશાંત મહેતા

ફુણાલ કમલેશજી ગાંધી
કીપ્શા ફુણાલ ગાંધી
સનવ ફુણાલ ગાંધી

**D-102, Vishal Complex, S. V. Road, Malad (West), Mumbai 400 064.**
**Cell : 98672 27209**

*"People May Doubt, What you Say*
*But they will always, Believe what you do"*

# Sabka sath Vikas SAMAJ ka



**પ્રમુખ સમાજસેવક**
**કિરીટકુમાર પ્રભુલાલ મહેતા**

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજના વડિલો અને પ્રિય સભ્ય મિત્રો**

તા. ૧૭.૧૨.૨૦૨૧નાં રોજ શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ મુંબઈની વાર્ષિક સામાન્ય સભામાં (AGM) આગામી ત્રણ વર્ષ માટે નવી કારોબારી સમિતિને સર્વાનુમતે ચુંટવાબદલ નવી સમિતિના પ્રમુખ સેવક તરીકે સમગ્ર સમિતિવતી આપ સર્વનો અંતરની લાગણી સાથે આભાર વ્યક્ત કરું છું. આપ સહુએ મને સમાજના પ્રમુખસેવક તરીકે સેવા આપવાનો જે મોકો આપ્યો છે તેનાથી હું ખુબ જ પ્રોત્સાહિત થયો છું.

સમાજની આ વખતની કાર્યવાહક સમિતિમાં પસંદગી પામેલ સભ્યો ઉપનગરના મંડળોના પ્રતિનિધિઓ છે. સમાજના ઈતિહાસમાં પ્રથમ વખત ઉપનગરના મંડળોને યોગ્ય પ્રતિનિધિત્વ મળ્યું છે જે સમાજને એક રાખવા અને આગળ લઈ જવા માટેનું મહત્વનું ડગલું છે. ઉપનગરના લગભગ દરેક મંડળોએ તેમનું ઉત્તરદાયિત્વ નિભાવીને એકતાના દર્શન કરાવ્યા છે. સમાજના ઉત્કર્ષ માટે એકતા અને સાથ સહકાર વધુ મહત્ત્વના છે. આ વખતની કારોબારી સમિતિમાં તરવરાટ સભર નવયુવાનો તથા અનુભવી વ્યક્તિઓની કાર્યદક્ષતા અને સમાજ પરત્વે કરી છુટવાની ભાવના દ્વારા સમાજ ઉચ્ચ શિખરો પ્રાપ્ત કરશે જ.

મુ. શ્રી મહેશભાઈ સાવડીયાની આગેવાની હેઠળની સમાજની અગાઉની કાર્યવાહક સમિતિએ સમય અને સંજોગોને અનુરૂપ સમાજની સેવા માટે જે કાર્ય કર્યું છે તે માટે તેમને હાર્દિક અભિનંદન પાઠવું છું અને તત્કાલીન ભૂતપૂર્વ પ્રમુખ તરીકે તેમનો અનન્ય સાથ સહકાર અને માર્ગદર્શન અમારા માટે ખૂબ જ મહત્વના છે અને તેમની સમજશક્તિનો લાભ અમને અને સમગ્ર સમાજને મળશે તેવી પરમશ્રદ્ધા છે. કીર્તિબેન મયુરભાઈ મહેતાનો મુખપત્રના તંત્રી તરીકે સેવા આપવા બદલ ખુબખુબ આભાર.

સમાજના સભ્યો અને સમાજની કાર્યવાહક સમિતિના સભ્યો વચ્ચે વાર્તાલાપ થાય, કાંઈક નવુ કરવાની કોશિશ કરવા માટે નવા વિચારો અને અભિપ્રાયોની આપલે થાય એ માટે અમે સર્વે તત્પર છીએ.

સમાજના સભ્યો તેમના જીવનના સુખદુ:ખ, તેમના કુટુંબમાં કોઈએ Achievement કર્યું હોય, કુટુંબના સારા પ્રસંગો અને ઘરમાં નવા સભ્યોનો ઉમેરો થાય તો જણાવતા રહેશો. આમ કરવાથી સમાજના દરેક સભ્યને તેમનો સમાજ એક સંયુક્ત કુટુંબ હોય તેવી લાગણી થાય.

સમાજને ઉન્નતી તરફ લઈ જવા માટે ફેરફારો જરૂરી છે. ફેરફારોથી નવીનતા આવે જે સમાજને ઉન્નતિ તરફ લઈ જાય. અમારી કાર્યવાહક સમિતિ વડિલો, દાતાઓ અને સમાજના હિતેચ્છુના સંપર્કમાં રહી સમાજ માટે કાંઈક સારું કામ કરવાની ભાવના રાખીએ છીએ.

સમાજના મહિલા મેમ્બરો, જુવાન મેમ્બરો તથા હિતેચ્છુ મેમ્બરોને વિનંતી છે કે સમાજના ધાર્મિક, **cultural and social activity** તૈયાર કરે, તેમા ભાગ લે અને આપણા સમાજને **Vibrant** બનાવે.

સમાજને લગતા કોઈપણ કાર્ય માટે આપશ્રી સહુ મારો નીચે આપેલ **e-mail** અને મોબાઈલ દ્વારા સંપર્ક કરી શકો છો અને સમાજને ઉપયોગી થવા પુરતી કોશિશ કરીશ.

**E-mail : kpmehta55@gmail.com**
**Mob : 9820229036 (5 p.m. to 10 p.m.)**

# Sabka sath Vikas SAMAJ ka



Pramukh Samaj Sevak

**Kiritkumar Prabhulal Mehta**

Dear Samaj Members,

First of all, I would like to take this opportunity to thank the members of our Samaj for electing me as President of Samaj for the next 3 years. I am greatly elated and excited for the opportunity given to me to serve the Samaj.

I would like to congratulate my newly selected committee. I am glad to have young as well as experienced and committed Team Members with great belief in our Samaj and its social value.

On behalf of our Committee and the entire Samaj members I most sincerely thank the past Committee under the leadership of Shri Maheshbhai Savadia for serving the Samaj with their hard work, dedication and whole hearted commitment for the last 2 years even during pandemic. It will be our pleasure that Shri. Maheshbhai Savadia will continue to guide us with his unstinted co-operation and assistance as Immediate Past President. I would also like to thank Smt. Kirtiben Mayurbhai Mehta for rendering selfless service by bringing out the "Mukhpatra" regularly during the last 2 years.

We would like to focus and enhance communications between our Team and Members of the Samaj to share their ideas and opinions. We also would like to encourage our Samaj members to share their joys and sorrows, achievement in their personal life, auspicious occasions and last but not least new members born in their family. By doing that, we would like to ensure that members experience their social ties with the Samaj and consider one large strongly united family.

The only thing which is constant is CHANGE and change brings in new ideas, views and approaches in an effort to expand activities of our Samaj and take it to new heights. This is what we would strive to provide to our Samaj in the next 3 years. Surely we would continue to seek guidance and support from the founder members, donors, senior members of our Samaj.

I also humbly request all members of our Samaj including Ladies and Youth to organize & participate in our religious, cultural and social activities and elevate our Samaj as a most valuable and respected Samaj.

I look forward to your valuable suggestions and support. In this regard, please feel free to write or call me directly on my below mentioned Email ID & Contact No.

**Email : kpmehta55@gmail.com &**

**Mobile No. 98202 29036 (5:00 p.m to 10:00 p.m)**

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ-મુંબઈની કારોબારી સમિતી



શ્રી કીરીટકુમાર પ્રભુલાલ મહેતા
પ્રમુખ




શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડિયા
ત.ભૂ. પ્રમુખ



શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા
ઉપપ્રમુખ




શ્રી આશિષભાઈ વિનોદભાઈ મહેતા
માનદ મંત્રી



શ્રી પરિમલભાઇ મનસુખલાલ ભીમાણી
માનદ મંત્રી



શ્રી યોગેશભાઈ વિનોદભાઈ વોરા
ખજાનચી



શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર
મુખપત્ર તંત્રી



શ્રી મહેશભાઈ કાંતિલાલ વોરા
સભ્ય



શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી
સભ્ય

સોરઠ વિશાશ્રીમાળી ૨૦ જાન્યુઆરી ૨૦૨૨


# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ-મુંબઈની કારોબારી સમિતી




શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી
સભ્ય



શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા
સભ્ય



શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા
સભ્ય



શ્રી કિર્તિભાઈ રસીકલાલ વસા
સભ્ય



શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા
સભ્ય



શ્રી શૈલેષભાઈ વૃજલાલ વોરા
સભ્ય



શ્રી કમલભાઈ કાંતિલાલ દોશી
સભ્ય




શ્રી પ્રવીણભાઈ ચીમનલાલ વોરા
કો-ઑપ્ટ



શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા
કો-ઑપ્ટ

# શ્રી સોરઠ વિસા શ્રીમાળી જૈન સમાજનું ગૌરવ



આપણાં ગૌરવશાળી સમસ્ત શ્રી સોરઠ વિસા શ્રીમાળી જૈન સમાજના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત મધરવાડા નિવાસી, હાલ - જુનાગઢ, સ્વ. દમયંતીબેન અને સ્વ. જયંતીલાલ જીવનલાલ વોરાના પુત્ર સ્વ. શ્રી વિજયભાઈ વોરાની સ્મૃતિમાં ઐતિહાસીક વારસાની ધરોહર એવી સોરઠના ગરવા ગિરનારની ગોદમાં નરસૈયાની નગરીમા યુવાન, નિષ્ઠાવાન, સેવાભાવી અને જુનાગઢ મહાનગરપાલિકાના કોર્પોરેટર 'વિજયભાઈ વોરા ચોક' જુનાગઢના ઉપરકોટ પાસે આવેલ ચોકનું નામકરણ જુનાગઢ મહાનગરપાલિકાના માનનીય મેયર શ્રી ધીરુભાઈ ગોહેલ અને વિજયભાઈ વોરાના ધર્મપત્ની ગં. સ્વ. સંગીતાબેન વિજયભાઈ વોરાના વરદ હસ્તે સં. ૨૦૭૯ પોષ સુદ ૬ તા. ૮-૧-૨૦૨૨ શનિવારના રોજ બપોરે ૪ વાગ્યે, આપણા સમગ્ર જુનાગઢના જૈન સંઘના પ્રમુખ શ્રી દિનેશભાઈ શેઠ તથા પરમપૂજ્ય મહંત શ્રી ગણપતગીરી બાપુ (નીલકંઠ મંદિર)ની ઉપસ્થિત મહાનુભાવોની હાજરીમાં સંપન્ન થયેલ હતું.



મહાનગરપાલિકા-જૂનાગઢ

સ્વ.શ્રી વિજયભાઈ વોરા ની સ્મૃતિમાં ઉપરકોટ પાસે આવેલ ચોકને

"વિજયભાઈ વોરા ચોક" નું નામકરણ

માન.મેયરશ્રી ધીરુભાઈ ગોહેલ ના

વરદ હસ્તે

-: વિશેષ ઉપસ્થિતિ :-

આ નામકરણ વિધિના શુભ પ્રસંગે ખાસ પ્રેરક ઉપસ્થિતિ શ્રી રાજેશભાઈ એમ. તન્ના (I.A.S.) જુનાગઢ મહાનગરપાલિકા કમિશ્નરશ્રી ઉપરાંત જુનાગઢ મહાનગરપાલિકાના શ્રી હિમાંશુભાઈ પંડ્યા (માન. ડેપ્યુટી મેયર), શ્રી રાકેશભાઈ



ધુલેશીયા (માન. ચેરમેન, સ્થાયી સમિતી), શ્રી નટુભાઈ પટોળીયા (માન. નેતા, શાસક પક્ષ) શ્રી ધરમણભાઈ ડાંગર (માન. દંડક, શાસક પક્ષ), શ્રી અરવિંદભાઈ ભલાણી (માન. ચેરમેન, બાંધકામ સમિતિ), શ્રી અદ્રેમાનભાઈ પંજા (વિરોધ પક્ષના નેતા) તેમજ શ્રી અશરફભાઈ થઈમ (અગ્રણી) શ્રી લતીફબાપુ કાદરી (અગ્રણી) અને શ્રી જીતુભાઈ અનડા (અગ્રણી) ઉપરાંત શ્રી વિસાશ્રીમાળી વણીક સમાજ (જુનાગઢ)ના સભ્યો તથા તે બોર્ડના મતદારોએ હાજરી આપી વિજયભાઈ પ્રત્યેની લાગણી વ્યક્ત કરેલ હતી.

શ્રી વિજયભાઈ વોરા જુનાગઢ મહાનગરપાલિકામાં લગભગ છ ટર્મથી કોર્પોરેટર તરીકે ચૂંટાઈ સમાજ તથા સમગ્ર વોર્ડની તન, મનથી વિશેષ સેવાઓ આપેલ હતી. જુનાગઢના લોકોના તેઓ લોકપ્રિય અને પ્રેમાળ રાહગીર હતા.

શ્રી વિજયભાઈ વોરા - સમગ્ર સોરઠ વિસાશ્રીમાળી જૈન સમાજની સૌ પ્રથમ વ્યક્તિ છે કે જેમના નામે જાહેર ચોકનું નામ આપવામાં આવેલ છે જે સમાજ માટે ગૌરવ બની રહેશે.

**શ્રી વિજયભાઈ વોરા અમર રહો...**

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ મુંબઈની ભાવભરી શ્રદ્ધાંજલિ



## સ્વ. પુષ્પાબેન ધીરજલાલ વોરા

દાનના અનેક પ્રકાર છે. તેના સ્વરૂપ પણ અલગ-અલગ હોય છે. સર્વ દાનોમાં શ્રેષ્ઠ અને જ્વલ્લે જ થતુ દાન એટલે (દેહદાન) આપણા આ પાર્થીવ શરીરનું મૃત્યુબાદ કોઈ હૉસ્પિટલને તબીબી અભ્યાસ અર્થે અપાતુ દાન એટલે દેહદાન. તબીબી વિજ્ઞાન (Medical Science) માં સંશોધન માટે શરીરના તમામ અંગો ખુબજ ઉપયોગી સાબીત થાય છે. તેનો ઉપયોગ Gross Anatomy, Surgical Anatomy અને Medical Education માટે થાય છે. તબીબી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આ મહત્વપૂર્ણ જરૂરીયાત ગણાય છે.

આ ઉપરાંત શરીરની ત્વચાનો ઉપયોગ Skin Grafting Surgery ત્વચા પ્રત્યારોપણ માટે થાય છે. આવું ઉમદા અને વિરલ કાર્ય હાલમાં આપણા સમાજમાં સ્થાન પામ્યું છે.

મધરવાડા નિવાસી હાલ વિલેપાર્લા - મુંબઈ આપણા સમાજના ભૂતપૂર્વ પ્રમુખ તથા શેઠશ્રી દેવકરણ મુળજી સૌ. વિ. જૈન બોર્ડીંગ રાજકોટના ભૂતપૂર્વ મૅનેજીંગ ટ્રસ્ટી શ્રી ધીરજલાલ નરોત્તમદાસ વોરાના ધર્મપત્ની તથા ભાઈશ્રી આશીષના માતુશ્રી પુષ્પાબેન ધીરજલાલ વોરા તા. ૧૩.૧૨.૨૦૨૧ના રોજ અરિહંત શરણ પામેલ છે. તેમની તથા તેમના કુટુંબીજનોની ઈચ્છા હતી કે તેમના દેહાંત બાદ આ સુક્ષ્મ શરીર સમાજઉપયોગી કાર્યમાં કામ આવે. એ ભાવના સાથેના સત્કાર્ય દ્વારા તેઓએ દેહદાન તથા ત્વચાદાનનો લીધેલો સંકલ્પ શ્રી ધીરૂભાઈ વોરા તથા કુટુંબીજનોએ નાયર હૉસ્પિટલના ડૉ. યુવરાજના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યો.

સરળ અને નિર્મળ સ્વભાવ, સ્નેહ અને મમતાથી સભર એવા સ્વ. પુષ્પાબેનના દેહદાનના નિર્ણયની શ્રી સોરઠ વિસા શ્રીમાળી જૈન સમાજ - મુંબઈ ખુબખુબ અનુમોદના કરે છે.

પરમકૃપાળુ પરમાત્મા સ્વર્ગસ્થના આત્માને ચીર અને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

ૐ શાંતિ શાંતિ શાંતિ

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈની કારોબારી સમિતીના સભ્યોના**
**જય જિનેન્દ્ર**

# પ્રથમ પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ

જન્મઃ
તા. ૨૯-૯-૧૯૪૫



અરિહંતશરણ
તા. ૧૦.૧.૨૦૨૧

વડાલ (સોરઠ) નિવાસી

## કોકીલાબેન હસમુખરાય ધોળકીયા

જીવનમા સુવાસ, પ્રભુમાં વિશ્વાસ આંખમાં અમી દરિયા જેવું દિલ
મીઠી વાણી, સ્નેહની સરવાણી, સરળ અને મિલનસાર સ્વભાવ,
વ્યવહારિક સુઝ અને બીજાને ઉપયોગી થવાની ભાવનાવાળા,
સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડ્યું નહિ, હસતો રાખી ચહેરો,
કાયમી લીધી વિદાય અને મૃત્યુને પણ કર્યું અમર,
પૈસો આપતા બધા ખરીદી શકાશે પણ મા તથા માની મમતા અને પ્રેમ ખરીદી શકાશે નહિ,
હે પરમકૃપાળુ પરમાત્મા, સદ્ગત આત્માને શાશ્વત સુખ અને પરમ શાંતિ અર્પે એવી અમારા સહપરિવારની પ્રાર્થના.
તમે આવ્યા અમારા જીવનમાં, ફુલછડી બનીને, ધુપસળી બની સર્વત્ર મહેંકી ઉઠ્યા,
યાદ તમારી આવતા, આંખલડી છલકાય છે, જોઈ તસવીર તમારી આંસુ ઉભરાય છે.

### પ્રેમાળ પરિવાર

| | | | |
|---|---|---|---|
| પતી | : હસમુખરાય પ્રભુદાસ ધોળકીયા | દોહિત્ર - દોહિત્રી | : કેવીન -ક્રીના |
| પુત્ર-પુત્રવધુ | : અતુલ - ભાવના | સ્વસુર પક્ષ | : પ્રભુદાસ દુર્લભજી ધોળકીયા |
| પુત્રી-જમાઈ | : પારૂલ - કીર્તિભાઈ | પીયર પક્ષ | : જાદવજી હીરાચંદ ભણશાળી |
| પૌત્ર-પૌત્રી | : અંકીત - ફોરમ | | |

# નારી શક્તિ

નારી શબ્દમાં કેટલી બધી મહાશક્તિનો સમુદ્ર સમાયેલો છે. સંસારમાં જે સત્ય-શિવ-સુંદર છે એ નારી જાતીના કારણ રૂપે છે. નારી જગતની એક પવિત્ર સ્વર્ગીય જ્યોતિ છે એ નર શક્તિને માટે જીવનનું અમૃત છે. ત્યાગ એનો સ્વભાવ છે, પ્રદાન એનો ધર્મ છે અને સહનશીલતા એનું વ્રત છે તેમજ પ્રેમ એનું જીવન છે. તેથી નારી શક્તિ ધારે તો ભલભલા કામ કરી બતાવે છે. તે જગતની માતા પણ કહેવાય છે. કારણ જગતની ઉત્પત્તિ તેનાથી થઈ છે. એથી વધુ કહું ખુદ ભગવાન ને અવતાર લેવા માટે માતાની કુખની જરૂર પડે છે માટે સત્ય તો એ છે કે જેને શક્તિનું ઉદગમ સ્થાન કહીએ તો ખોટું નથી. સૃષ્ટિની સાચી સુંદરતા નારી સ્વરૂપ છે જેના દેહલાલીત્ય સાથે જ કુદરતી ભાવ પણ કુદરત સાથે જ સરખાવ્યો છે. આથી એમ મનાય કે નારી તરીકે જનમ મળવો તો સૌભાગ્યની વાત છે. પોતાનામાં રહેલા આત્મવિશ્વાસ જ એની સૌથી મોટી તાકાત હોય છે. જગતમાં કહેવામાં આવે છે નારીનું સન્માન... એક સમાજનું કર્તવ્ય છે. સશક્ત નારી... સશક્ત સમાજ. નારી એક અને સ્વરૂપ અનેક છે. જેમકે માતા-પુત્રી-પ્રેમિકા-પત્ની-પુત્રવધુ-સખી એવા ઘણા સ્વરૂપ ધારણ કરે છે તેવી જ રીતે તેના ગુણો વિશે એટલું જરૂરથી કહીશ...

**''નારી માં તો યુદ્ધ છે, નારીમાં છે પ્રેમ પણ.**
**નારીમાં વિશ્વાસ છે, નારીમાં છે વહેમ પણ...**

આ રીતે જગતના નાશનો એમાં શક્તિપુંજ પણ સમાયેલો છે અને શાંતિના અમૃતકુંજ પણ ધરાવે છે, કોમળતા અને ઉગ્રતા બન્નેનો તેમાં સમન્વય થયેલો છે. માટે કહી શકાય.

**''સાગરમાં નીર ઘણા, ગાગરમાં સમાય નહિં,**
**નારીમાં ગુણો ઘણા, ગણ્યા ગણાય નહિં.''**

આપણી સંસ્કૃતિ અને વેદ-પુરાણો તો એકજ વાક્યમાં કહે છે કે જે પરિવારમાં નારીનો આદર થાય છે ત્યાં કે તે પરિવારમાં ઈશ્વરનો નિવાસ થાય છે માટે કહેવાય નારી છે તું જ નારાયણી. પુરૂષ પ્રધાન સમાજમાં પણ આજે મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગળ વધી ગઈ છે. યુગો યુગથી આપણને નારી શક્તિમાં જગદંબાના અનેક સ્વરૂપ સતયુગમાં સાવિત્રી, રાણી લક્ષ્મીબાઈ, જીજામાતા, અહિલ્યા હોળકરની શૂરવીરતાના પરચાને કળિયુગમાં કલ્પના ચાવલા, સુનીતા વિલિયમ્સ એને તો આકાશને પણ આંબ્યું છે. મેરી કોમ કે ગીતાકુમારી ફોગાટ, પી. વી. સિંધુ હોય કે રાની કૌર આજે પણ રમત ગમત ક્ષેત્ર કે સામાજિક, રાજકીય કે પછી સાહિત્યના ક્ષેત્રમાં દેશનું નામ રોશન કર્યું છે. આવી જ રીતે સૌથી વધુ જાણીતું એવું ગૃહિણી પાત્ર... દિકરીથી દાદી સુધીની સફર... ની ફરજ બજાવતી નારી આપણે સૌએ જોઇ છે. મા અન્નપૂર્ણા બની ભોજન બનાવતી ગૃહલક્ષ્મી બની કુટુંબ ચલાવવું, સરસ્વતી બની બાળકોને શિક્ષણ આપવું અને મા દુર્ગા બની કુટુંબનું રક્ષણ કરવું તેથી ધન્ય છે. નારી જાતને કે જે પાત્ર મા ઢાળો તેમ ઢળી જાય છે. તે નારી... દરેકના જીવન માં ભળી જાય છે નારી... પ્રેમાળ ને પ્રબળ છે નારી... એને જોઈએ છે ફક્ત સ્નેહ અને સન્માન જો તે મળી જાય તો ફળી જાય છે નારી... અકળ છતાં સફળ છે નારી...

હું દરેક મહિલાના સ્વાસ્થ્ય અને સુરક્ષિતતા માટે ઈશ્વરને પ્રાર્થના કરૂં છું કે મહિલાને આજના સમયમાં પ્રાયોરીટી મળવી જોઈએ તેમજ હક્કો અને તકો મળતી રહે જેથી દેશની પ્રગતિમાં તેનો આગવો ફાળો હોય.

અંતમાં જરૂરથી મહિલાઓને મારી સલાહ છે કે

**''Self Love & Self Care''કેમ કે.....**
**નારી વગરનો સંસાર એટલે ગોળ વિનાનો કંસાર''**

**- દર્શના પરિમલ ભીમાણી**

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મિત્ર મંડળ – ઘાટકોપર

સી–૧૮, ભગત એસ્ટેટ, વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૭૭.

## GSPL 2022

તા. ૧૫–૦૧–૨૦૨૨

જય જિનેન્દ્ર,

આપ સૌ જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છો તે ઘડી/દિવસ નજીક આવી રહ્યો છે **GSPL 3.** આ **GSPL 3** ની નવીનતા એ છે કે ફક્ત ઘાટકોપર મંડળના સભ્યો નહિ પણ શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈના લગભગ દરેક મંડળના સભ્યોને આ ટુર્નામેન્ટનો હિસ્સો બને તેથી તેઓને જોડાવા માટે આમંત્રણ આપવામાં આવ્યુ જેનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. બધાને સાથે લઈને આગળ વધવા માટેનું મુખ્ય કારણ દરેક સભ્યો એક બિજાની નજીક આવે અને નવા વિચારો/સૂચનાથી સમાજને ઉન્નતિના શિખરો પર લઈ જવામાં મદદ કરે.

**તારીખ**

**રવિવાર, તા. ૨૦–૦૨–૨૦૨૨**

**Venue : Vasantdada Education Complex,**
**Eastern Express Highway,**
**Near Everard Nagar,**
**Chunabhatti, Sion - 22.**
**Time : 2 p.m. Onwards**

GSPL 3 ની વિશેષતાઓ :

૧) ટોટલ ૨૫ ટીમ જેમાં ૪ મહિલા ટીમ અને ૨૧ પુરૂષ ટીમ (કુલા ૨૫૦ ખિલાડીઓ)

૨) બધી ટીમમાં દરેક ઉંમરના સભ્યોનો એવી રીતે સમાવેશ કર્યો છે કે કોઈ ટીમ એકદમ મજબૂત કે નબળી ના રહે.

૩) નોંધણી માટેનો સમય વિતી ગયો છતાં નામ આવતા હતા ત્યારે નાછૂટકે GSPL 3 ની કમિટીએ નામો વેઈટીંગ લિસ્ટ માં નોંધવા મજબૂર થયા.

૪) સ્પોન્સરશીપ વગર આવી ટુનામેંન્ટ યોજવી બહુ મુશ્કેલ હોય છે પણ આ માટે સમાજના સભ્યોએ સામેથી ખૂબજ ઉત્સાહથી સાથ સહકાર આપ્યો જે સરાહનીય છે.

ઉપરોક્ત GSPL 3 ના કમિટી સભ્યોને ખૂબજ સાથ સહકાર આપી આ ટુર્નામેન્ટને જ્વલંત સફળતા મળે એવી યાદગાર બનાવીએ એવી દરેક સભ્યોને નમ્રભરી વિનંતી.

**Title Sponsor** : Samrat Pharmachem - Shri. Lalitbhai Damodar Mehta
**Dinner Sponsor** : M/s Vasa Group - Shri. Devchand Karamchand Vasa
**T-Shirt Sponsor** : Hardware Trading - Shri. Maheshbhai & Pankajbhai Vora
**Trophies Sponsor** : Shri Manubhai Premchand Sheth
**Turf Sponsor** : Prabhat Industries - Shri Harsukhlal & Sureshbai Dhruv
**Snacks Sponsor** : Shri Pravinbhai Himmatlal Sanghavi
**Water Sponsor** : Late Shri Kishorechandra Kapurchand Vora

### Men Team Sponsors

Suresh Jayantilal Shah
Manish Kishorchand Vora
Parag Bharatbai Shah
Hiten Jayenthbhai Sheth
Maheshbhai M. Savadiya
Rajeshbhai Shah
Pareshbhai M. Sheth
Jayraj Mehta
Mehek Mayur Mehta
Pareshbhai M. Sheth
Keval Shailesh Vora
Maheshbhai M. Savadiya
Rashminbhai Patva
Ashish Vinodbhai Mehta
Tejash Harishbhai Mehta
Nikunj Vinodbhai Sheth
Vaibhav Jayantilal Mehta
Madhuriben Pranlal Doshi
S. V. Jain Mandal Committee Bhayandar
Yogesh Vinodrai Vora & Dharmesh Rasiklal Vora
Gaurav Doshi & Shri Sorath Visha Shrimali Jain Mandal Malad

### Women Team Sponsors

Bharat Nyalchand Mehta
Anilbhai Kantilal Parekh
Bhavin Jawaharbhai Sheth
Parag Shantilal Doshi

**આ ટુર્નામેન્ટની વધુ વિગતો માટે નીચે જણાવેલ કોર કમિટી સભ્યોનો સંપર્ક કરી શકો છો.**

| મનીષ વોરા | શૈલેષ મહેતા | ભૌતિક ભણશાલી | મિતેષ ભીમાણી | અમીષ ભીમાણી |
|---|---|---|---|---|
| 98210 22293 | 98213 27527 | 93247 18714 | 86523 36760 | 98215 57059 |

ખાસ નોંધ : સાંજના ૪ કલાકે હળવો નાસ્તો અને રાત્રે ૮.૩૦ કલાકે જમવાની વ્યવસ્થા રાખેલ છે.

આપ સહુના સાથ અને સહકારની અપેક્ષા સાથે

લિ. માનદ્ મંત્રીઓ

કીર્તી વસા    મુકેશ ઠક્કર

# સંસ્કૃતિ પરનું આક્રમણ ખતરનાક

આજે ચર્મચક્ષુથી જોઈએ તો અંધકાર દેખાય છે. આંતરચક્ષુ બિડાયેલાં છે. પ્રજ્ઞાચક્ષુ વેદનાથી ખૂલી જાય છે કે આપણે ક્યાં ઊભા છીએ? ક્યાં ગઈ આપણી રહેણીકરણી? ક્યાં ગયા એ ગ્રામ્યજીવનના સંસ્કાર? ક્યાં ગઈ ભાવભરેલી મહેમાનગીરી? ક્યાં ગયું સાદું અને ધર્મમય જીવન? આજે વ્યક્તિને કુટુંબ, કુટુંબને સમાજ અને સમાજને ધર્મ પ્રિય નથી તો પરિણામ શું આવશે તે તો ભાવિ જ કહેશે. ગામડાં ભાંગ્યાં. જેના હાથમાં વ્યવહાર અને સમજણ હતી એ વડીલોએ વિદાય લીધી. સંયુક્ત કુટુંબો તૂટ્યાં. અમે બે અને અમારા બે એ કુટુંબની વ્યાખ્યા થઈ. વિચારધારા ટૂંકી થઈ એટલે જ દૃષ્ટિ નજર થઈ ગઈ.


આજે પશ્ચિમના પવનો, ભૌતિક સુખ, વૈભવ અને મનોરંજનનાં સાધનોએ કુટુંબની શાંતિને હણી નાખી. ભણતરમાંથી ગણતર ચાલ્યું ગયું. વ્યવહારમાંથી વિવેક અને મર્યાદા ગયાં. શું પરિણામ આવશે? પ્રદર્શન કરનારા આગળ નીકળી ગયા. સાચાં દર્શનવાળા પાછળ રહી ગયા. પૈસાના જોરે આંજી નાખનારા વધી ગયા. તેથી આધ્યાત્મિકતાથી માંજી રાખનારા પાછળ રહી ગયા.

મનને થાય છે, આપણે વનમાંથી ઉપવનમાં જઈએ કે રણમાં? ગમે તેમ હોય, સંસ્કૃતિ ભૂલ્યા છીએ, પ્રકૃતિથી દૂર ગયા છીએ, તેથી જ વિકૃતિમાં લપેટાઈ ગયા છીએ. આજે સંસ્કૃતિમાં વિકૃતિ આવી ગઈ છે. સંસ્કારમાં અહંકાર આવી ગયો છે અને ધર્મમાં અધર્મનો કણ આવી ગયો છે. નહિતર આવી દિશાશૂન્ય દોટ ન જ હોય. એક વિચાર માગી લે છે, ક્યાં ગઈ એ સંસ્કૃતિની સુવાસ, ત્યાગનું તેજ અને સમર્પણની ભાવના?

ટીવીની સિરિયલોએ આપણને અને આપણા કુટુંબના સંપને વેરણછેરણ કરી નાખ્યું તેમાં શંકા નથી. નવી પેઢીને કુટુંબની અને મોસાળની પણ ખબર નથી, જ્યારે આજે સ્વાર્થના તાંતણે બંધાયેલા સંબંધો ક્યાં સુધી રહેશે તે કહેવાય નહીં. આજે જાગવાની જરૂર છે, સમજણની જરૂર છે, વિચારવાની જરૂર છે. નહિતર જીવનમાં ચોઘડિયાં લાભ-શુભ નહીં રહે, દિશાઓ ઊગમણી નહિ રહે. પછીનો પસ્તાવો નકામો છે. સમાજ સામે પ્રતિકૂળતા આવે એ પહેલાં અનુકૂળતાનો માર્ગ અપનાવીએ એ જ સમયસરનું પગલું કહેવાશે.

**-સાભાર**



# જ્ઞાન વિજ્ઞાન : સ્ટેપલર

આપણા રોજિંદા ઑફિસના કાર્યમાં અનેક વખત આપણે સ્ટેપલરનો ઉપયોગ કરીએ છીએ. પિન વડે કાગળોને એકસાથે સખત રીતે બાંધી રાખવા માટે આ સાધન વાપરવામાં આવે છે.

સ્ટેપલરનું ઉત્પાદન સર્વપ્રથમ અઢારમી સદીમાં ફ્રાંસ દેશમાં શરૂ થયું હતું. કિંગ લુઈસ (પંદરમો)ના સમયમાં સ્ટેપલરનો ઉપયોગ કરવામાં આવતો હતો એમ કહેવામાં આવે છે. અમેરિકામાં ઓગણીસમી સદીમાં જ્યૉર્જ મૅકગિલે સ્ટેપલર માટે પેટન્ટ લીધી. એ જ વરસોમાં બ્રિટનમાં સી. એચ. ગોલ્ડ નામની વ્યક્તિએ પણ આ સાધનની પેટન્ટ લીધી હતી. એટલે એમ કે ફક્ત આ બે જણા જ સ્ટેપલરના શોધકર્તા છે એમ કહી ન શકાય.

અઢારમી સદીમાં વિશ્વમાં અનેક જગ્યાએ કાગળને ટાંચણીને બદલે અન્ય કોઈ સાધન દ્વારા સહેલાઈથી બાંધી શકાય તેવા મશીનની શોધ ચાલુ જ હતી.

એકદમ શરૂઆતમાં બનાવવામાં આવેલું સ્ટેપલર એ આજના સ્ટેપલર જેવું નાનું અને પકડવામાં સગવડભર્યું ન હતું. ત્યાર બાદ હેનરી આર. હાઈલ નામની વ્યક્તિએ સ્ટેપલરથી કાગળમાં પિન ભરાવવાની ક્રિયા એક જ પ્રયાસે થાય તેવું સ્ટેપલર બનાવ્યું તેથી અમુક લોકો હાઈલે બનાવેલું આ સ્ટેપલર આધુનિક માને છે અને તેની શોધનું શ્રેય હાઈલને આપે છે. આમ સ્ટેપલરમાં એકસાથે અનેક પિન નાખીને કાગળને સ્ટેપલ કરવાનું કામ આખરે તો સન ૧૮૭૮ની સાલમાં શરૂ થયું. જોકે, આવતાં વરસોમાં 'પેપરલેસ બિઝનેસ' (કાગળ વિનાનો વહેવાર)નો વિચાર મુકાશે ત્યારે આ નાનકડા અને હાથવગા સાધનનો ઉપયોગ ઘટી જશે!

**- લલિતકુમાર શાહ**

**શ્રી ઘાટકોપર મંડળ સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટના મેડીક્લેમના વર્ષના ૨૦૨૨/૨૩ના પ્રીમિયમનું ભરણું તા. ૬.૩.૨૦૨૨ના રોજ ભરવાનું રહેશે. જેની નોંધ વીમાધારક સભ્યોએ લેવી. પ્રીમિયમની નોટીસ મોકલવામાં આવશે.**

# મહાકાલ રોયો છે!

**(ગુજારે જે શીરે તારે...)**

પોઢ્યાં છે પ્રેમીપંખીડાં લાંબીશી સોડને તાણી,
જગતની રીતરસમોથી પ્રભુને પાંપણે પાણી.
મરેલી માતને વળગી થાનેલે ધાવતો શીશુ,
દેખીને સૃષ્ટિસર્જકને વહ્યાં છે આંખથી આંસુ.
હજારો હાલી વણજારો વતનની ભોમકા છોડી,
વછૂટ્યાં કંઈક બાલુડાં માતાની ગોદ તરછોડી.
સમંદર કાંઠડે પોઢ્યો ''આરિફ'' બાળ નાનેરો,
માનવની ક્રૂરતા દેખી જગતનો નાથ બૌ રોયો.
''તમારો ધર્મ છે ખોટો અમારો ધર્મ છે મોટો'',
ધરમનાં હાટડાં ખોલી કરે છે વાદ સૌ ખોટો.
કિશનને તીરથી માર્યો ગાંધીને ગોળીએ દીધો,
ઈશુને ક્રોસ પર દેખી મહાકાલ રોયો છે!

**- રણછોડભાઈ પોંકિયા**

# સિકંદર ન બનશો...

સારા જગતને જીતવા નીકળેલ... સિકંદરને
ક્યાં અંદાજ હતો કે કોઈ સવા શેર તેનો નામે 'પોરસ' છે.
સફળતાના શિખર સર કરનાર અજાણ જ હોય છે કે
જે કેડી પર કદમે નિશાન બીજાના આગળ પડી ચૂક્યા હોય છે.
જે માનવીને આજે ભાષે છે... તે કદાચ પહેલાંનો કાળ હોય છે.
ભવિષ્ય પણ પછીનો વર્તમાન કે ભૂતકાળ જ હોય છે.
ખુદ ઈશ્વર પણ કહી શકતો નથી કે શું તે પ્રથમ છે?
ગુમાન કરવું નહીં કોઈ પણ ક્ષણે જીવનની ઊંચાઈનું...
નજર પહોંચી ન શકે ત્યાં ઉડાન કરી પહોંચ્યું હોય છે કોઈક તો...
આકાશ મુક્ત છે... હરીફાઈ નથી કરતાં વાદળો...
આખરે તો વર્ષવાનું જ હોય છે તે પણ પાણીરૂપે જ...
હશે જો જીવન નિર્મળ તો સહજભાવ જન્મશે...
પ્રથમ બીજાની કીર્તિ નજરે પડશે...પછી સ્વની...
ન બનશો સિદંકર કોઈ... જીતનાર તો બીજો જો અજાણ હોય છે...

***- હર્ષદ દડિયા (શ્રી હર્ષ)***

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈની ભેટની રકમ નીચે લખેલ બેંકના ખાતાનાં જમા કરશોજી

**NAME : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**

**BANKER : BANK OF BARODA,**

M. J. MARKET, MUMBAI - 400 003.

**S. B. A/C NO.: 03870100000044**

**IFSC : BARB0BULLIO** (આ કોડમાં પાંચમું કેરેક્ટર ઝીરો છે.)

**MICR : 40012047**

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ ટ્રસ્ટની રકમ નીચે લખેલ બેંકના ખાતામાં જમા કરશોજી.

**NAME : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**

**BANKER : UNION BANK OF INDIA,**

PRINCESS STREET, MUMBAI - 400 002.

**S. B. A/C NO.: 319102010054364**

**IFSC : UBIN0531910**

**સરનામામા ફેરફાર**

**Kishor Chhabildas Vora,**
602, Vivanta Hights,
Bhavani Chowk,
Nagesshwar Jain Mandir Road,
Rajkot, Jamnagar Highway,
Nageswar, Rajkot - 360006

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ભેટ નીચે લખેલ બેંકના ખાતામાં જમા કરશોજી

**SHRI SORATH VISHASHRIMALI SHUBHECHHAK MITRA MANDAL**

BANKER : **BANK OF INDIA,**

**80 G AACTS 1446 GF 20214 Dt. 28.5.21**

**bullion e**xchange branch, Mumbai

**A/C NO.: 000810100006108**

**IFSC CODE NO.: BKID0000008**

(આપની મોકલેલી રકમની દરેક વિગત, મોકલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર શ્રી વિનોદભાઈ મહેતાને મોબાઈલ No.: 9833500508ના વોટ્સએપ ઉપર મોકલી આપવા વિનંતી)

## સંસ્થા સમાચાર

આપણા સમાજની ઓફિસ હવે બપોરના ૧થી ૬ સુધી ચાલુ રહેશે. તો સહુએ નોંધ લેવા વિનંતી.

સમાજના જે પણ ભાઈ અથવા બહેનને કોઈપણ લેખ અથવા કવિતા અથવા શ્રદ્ધાંજલિની વિગત મોકલવી હોય તો નીચે આપેલા ઈમેલ આયડી પર મોકલશો.

આપણા સર્વે સભ્યભાઈઓને નમ્ર વિનંતી કે આપ સહુ વેબ-સાઈટ માટે આપના કુટુંબના વડીલનું નામ અને એડ્રેસ તથા મોબાઈલ નંબર સાથે રજીસ્ટર કરો.

**Website Registration** માટેનો

**Mobile No. 9321775805**

**Email : - crcmumbai@gmail.com**

આપણો સમાજનું મુખપત્ર વેબસાઈટ પર દરેક મહિને મુકવામાં આવે છે, તો વાંચકોએ તેની નોંધ લેવી.

જ્ઞાતિબંધુને કોઈપણ લેખ અથવા કવિતા મોકલવી હોય તો સમાજની ઑફિસે પણ મોકલાવી શકે છે.

# મંદી-માંદગી અને મોતના સંજોગોમાં ડગ્યા વિના ટકી રહે તે સાચો ધાર્મિક છે

ધર્મ કરવો અને ધર્મ થવો બન્નેમાં અંતર છે. કરવામાં ત્યહેવાર-તહેવારની મુખ્યતા હોય છે. જ્યારે થવામાં જ્ઞાન અને રસની પ્રધાનતા હોય છે. આપણે આપણી જાતને માધ્યમ બનીને પુછવું જોઈએ. ધર્મ કરીએ છીએ કે થાય છે. કરવામાં આવતો ધર્મ સંજોગોમાં છેવટે ટકાવી રાખવામાં નિષ્ફળ જઈ શકે છે જ્યારે ધર્મ થવાની ભૂમિકા સુધી પહોંચે છે ત્યારે સંજોગો ગમે તેવા હોય છતાં ધર્મ થઈ જાય છે. સંજોગો ફરે અને વ્યક્તિ સ્થિર રહે ત્યારે તો દેવોને પણ ઝુકવાનું મન થતું હોય છે!

અનુકુળતા એ ધર્મ કરવામાં સહાયક બની શકે છે જ્યારે પ્રતિકુળતા તો ધર્મ કરવામાં સહયોગી બને છે. ધર્મ સ્થળ-સમય કે સંપ્રદાય સાથે બંધાયેલો નથી. ધર્મ તો તમારી ભીતરથી ચેતના અને ભાવના સાથે જોડાયેલો હોય છે. તેજીમાં નાચવા લાગીએ અને મંદીમાં રડવા બેસી જઈએ તો ધર્મ આવ્યો જ ક્યાં છે. ધર્મમાં તમે જોડાવ અને ધર્મ તમારામાં જોડાઈ. આ બન્ને વાતને ચિંતનમાં લેવા જેવી છે. ચિંતાવારો સમાજ વધતો જાય છે અને ચિંતનવારો સમાજ અલ્પ થતો જણાય છે માટે સમસ્યા ઘટવાને બદલે વધતી જણાય છે!

ધંધો હોય ત્યાં તેજી-મંદી સ્વાભાવિક છે. શરીર છે ત્યાં તંદુરસ્તી અને માંદગી સ્વાભાવિક રહેવાની અને જીવન છે તો મોત અવશ્ય આવવાનું છે. આ વાતને હૃદયમાં કોતરી રાખવી જેથી સંજોગોના વાવાઝોડામાં આપણું મન ડગી કે રડી ન પડે. તમામ પરિસ્થિતિને સ્વીકારી સંઘર્ષ કરી અને આગળ વિકાસ કરતા રહેવું અત્યંત આવશ્યક છે. ધાર્મિકતાનો ભાવ ટકાવી રાખવો એ જ મોટી ધાર્મિકતા છે. ઠાણાંગ સૂત્રમાં કેટલાક ધાર્મિક લોકો મંદિરની ધજા જેવા હોય છે તેવું બતાવવામાં આવ્યું છે. જે દિશાના પવન ફુંકાઈ તે તરફ દોડી જવાના સ્વભાવવાળા હોય છે. તેઓ ધર્મ કરે છે તેવું દેખાય છે પરંતુ તે ધર્મને સ્પર્શતા નથી માટે જીવનમાં સંતોષ, શાંતિ અને આનંદ પ્રાપ્ત કરી શકવામાં તેઓ નિષ્ફળ જાય છે અને બધાને કહેતા રહે છે ઘણા વર્ષોથી ધર્મ કરું છું પણ કાંઈ પ્રાપ્ત થયું નહીં. ધર્મનું પરિણામ લાવવા ઈચ્છતા હો તો મંદિરની ધજા જેવા નહીં ધજાને પકડી રાખનાર થાંભલા જેવા બનવું અત્યંત આવશ્યક છે. જેને પવન પણ ફેરવી શકવા સમર્થ બનતો નથી!

આપણા સાચા, પાક્કા અને પવિત્ર ધાર્મિક બનવા માટે સ્વાધ્યાય-ધ્યાન અને મન-ચિંતનના માર્ગે આગળ વધવું પડશે. ત્યારે જ ધર્મ અંતરના ઓરડામાં પ્રવેશ કરી અજવાળું કરશે. જે મંદી-માંદગી અને મોત દુઃખરૂપ લાગતું હતું તે જીવનના પાઠો ભણાવવામાં સહાયક લાગવા લાગશે. સંજોગો બદલવામાં શક્તિ અને સમયનો વ્યય કરવા કરતા તેને સ્વીકારી લઈ આગળ વધવા આપણે આપણા મનને ફેરવી લેવાનો પ્રયત્ન કરવો તે જ જીવન જીવવાની શ્રેષ્ઠ રીત છે.

**- ડૉ. તેજસાહેબ**

# દાનનુ મહાપર્વ - મકરસંક્રાંતિ

સમગ્ર ભારત વર્ષમાં મકરસંક્રાંતિ ઉત્તરાયણનું પર્વ ઉજવાય છે અને તે પણ પ્રાચીનકાળથી પ્રવર્તમાન છે. મકરસંક્રાંતિનો ઉત્સવ પ્રકૃતિનો ઉત્સવ છે.

પોષ મહિનામાં સૂર્ય મકરરાશિમાં પ્રવેશ કરે છે માટે આ ઉત્સવને 'મકરસંક્રાંતિ' કહેવામાં આવે છે. આ દિવસે સૂર્ય પૃથ્વીની પરિક્રમાની દિશા બદલે છે. તે ઉત્તરની તરફ ઢળતો જાય છે માટે લોકો આ સમયને 'ઉત્તરાયણ' કહેવાય છે.

સૂર્યનો મકર રાશિમાં પ્રવેશ થતાં ધનુમાસની સમાપ્તિ થાય છે. આ દિવસથી કમૂરતાં પણ પૂર્ણ થતાં લગભગ એક માસથી જે શુભ કાર્યો ટકી ગયા હોય છે તે ફરી શરુ થાય છે.

ઉત્તરાયણના દિવસે સૌ કોઈ દાન સવિશેષ કરે છે. તેમાંય તલના લાડવામાં પૈસો મુકી ગુપ્તદાન કરવામાં આવે છે. માણસો ગાયોને ઘાસચારો, તથા ગરીબોને અન્ન તથા વસ્ત્રનું દાન આપે છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સંતોને ઝોળી દાન કરવામાં આવે છે. આપણા અનેક શાસ્ત્રોમાં અને સત્પુરુષોમાં દાનનો મહિમા ગાયો છે.

આપણા શાસ્ત્રોમાં આ કળિયુગમાં દાન કરવાનું ઠેર-ઠેર કહેવામાં આવ્યું છે.

સુપાત્રદાનાચ્ચ ભવેદ્ ધનાઢ્યો, ધનપ્રભાવેળ કરોતિ પુણ્યમ્।।

પુણ્યપ્રભાવાત્સુરલોવાસી, પુનર્ધનાઢ્યઃ પુનરેવ ભોગી।।

સુપાત્રદાને દાન આપવાથી માણસ ધનવાન બને છે, ધનના પ્રતાપથી તે દાનપુણ્ય કરે છે, અને દાનપુણ્યના પ્રભાવથી સ્વર્ગમાં વાસ કરે છે.

આ રીતે દાન દેનાર પુરુષ આલોક અને પરલોકમાં વારંવાર સુખ સમૃદ્ધિ ને પામે છે. તેથી માણસોએ દાન અવશ્ય કરવું જ જોઈએ.

**દાનં ભોગો નાશસ્તિ તસ્ત્રો,**
**ગતયો ભવન્તિ વિત્તસ્ય।**
**યો ન દદાતિ ન ભુક્તે,**
**તસ્ય તૃત્તીયા ગતિર્ભવતિ।।**

ધનની ત્રણ ગતિ થાય છે, દાન, ભોગ અને નાશ. જે માણસ દાન નથી દેતો તે કંઈ ભોગ નથી. ભોગવતો તેનું ધન નાશ પામે છે. અર્થાત્ દાન દેવું એ ધનની ઉત્તમ ગતિ છે. જે માણસ ધનની ઉત્તમ ગતિ નથી કરતો એટલે કે, દાન નથી કરતો, તેની ઉત્તમ ગતિ થતી નથી... માટે આપણને ભગવાને જે આપ્યું હોય તેમાંથી દાન અવશ્ય કરવું જ જોઈએ.

શંકરાચાર્યજી કહે છે કે, દીનદરિદ્રને ધન દેવું એ માણસ માત્રનું કર્તવ્ય છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે છે કે, રોગાતુર હોય, દિન હોય તેની સેવા કરવી જોઈએ અને પોતાની આવકનો દશમો ભાગ દાનમાં અર્પણ કરવો જોઈએ.

યજુર્વેદ કહે છે કે, જે ખાઈ પીને મોજ કરે છે અને દાન નથી કરતો તે દાની નહી, પણ દાનવ છે.

બાઈબલમાં કહ્યું છે કે, તમને જે મળ્યું છે તે છૂટથી બીજા માટે વાપરો.

અર્થવેદ કહે છે કે, સો હાથે ભેગું કરો, અને હજાર હાથે વાપરો.

શાસ્ત્રી શ્રી આનંદપ્રિયદાસજી સ્વામી કહે છે કે, પૈસો કમાઈ જાણે અને યોગ્ય રીતે ખર્ચી જાણે તે જ મહાજન કહેવાય છે, તેથી આપણે આ મકરસંક્રાંતિના મહાપર્વ ઉપર અવશ્ય દાન કરીને ધનને સાર્થક બનાવીએ.

**- સાધુ પ્રેમવત્સલદાસજી કુમકુમ**

# ઑક્સિજન વધારે લેવાથી તંદુરસ્તી આપમેળે વધે છે

વૈજ્ઞાનિક રીતે નક્કી થયેલ વાત છે કે હૃદયના સ્નાયુની સંકોચાવાની ક્રિયા (કોંટ્રેકશન) અથવા 'સિટોલ' ૦.૩ સેકન્ડમાં થાય છે અને સ્નાયુની પૂર્વવત (રિલેક્ષ) થવાની ક્રિયા અથવા 'ડાયસ્ટોલ'માં ૦.૫ સેકન્ડ થાય છે. આનો અર્થ એ થયો કે હૃદયને એક ધબકારા (એક બીટ)માં ૦.૮ સેકન્ડ લાગે. એ હિસાબે હૃદય એક મિનિટમાં ૭૩ વખત ધબકે છે જેને નોર્મલ 'હાર્ટ રેટ' કહેવાય. રિલેક્ષિંગ ફેઝ અથવા 'ડાયાસ્ટોલ'ના ૦.૫ સેકન્ડના ગાળા દરમ્યાન અશુદ્ધ લોહી ફેફસામાં જાય છે અને સો ટકા ચોકખું થઈ જાય એટલે દરેક અંગોને ૧૦૦ ટકા ઑક્સિજનવાળું લોહી મળે છે. જ્યારે કોઈ પણ પ્રકારનો માનસિક તનાવ હોય ત્યારે શરીરને થોડા સમયમાં વધારે લોહી જોઈએ છે. આ સમયે હૃદય પોતાનો 'રિલેક્ષિંગ ફેઝ'નો સમય ૦.૫ને બદલે ૦.૪ કરી નાખે છે. આ વખતે હૃદયના ધબકારાનો સમય એક મિનિટમાં ૮૨ થઈ જાય છે. આ ડાયાસ્ટોલ'નો સમય ઓછો થવાને કારણે ફેફસામાં લોહી શુદ્ધ થવાની ક્રિયા ૧૦૦ ટકાને બદલે ૮૦ ટકા થઈ જાય છે. કોઈ પણ જાતના સ્ટ્રેસને કારણે જ્યારે લોહીની જરૂરત વધી જાય ત્યારે હૃદયનો 'રિલેક્ષિંગ ફેઝ' ઘટતો જાય છે અને પરિણામે ફેફસામાં લોહી શુદ્ધ થવાની ક્રિયા પણ ઘટતી જાય છે. અને તેને લીધે લોહીની નળીઓ (આર્ટરી)માં પૂરે પૂરું શુદ્ધ થયા વગરનું એટલે કે ઓછા ઑક્સિજન વાળું લોહી ફરે છે અને શરીરના દરેક અંગોના અગણિત કોષો આવી પરિસ્થિતિમાં નાશ પામે છે અને તેને કારણે તમારા શરીરની તંદુરસ્તી આજીવન જળવાતી નથી. આ માટે તમારે સ્ટ્રેસ થવાના કારણો અને કઈ રીતે સ્ટ્રેસ દૂર કરી શકાય તે જાણવું જોઈએ.

પહેલા તમને સ્ટ્રેસ ક્યા કારણોથી થાય છે તે જાણવું જોઈએ.

**ટોકસીસ સ્ટ્રેસ :**

માનવીના જન્મથી મૃત્યુ સુધીના સમયગાળા દરમ્યાન શરીરના સાત દરવાજા આંખ, નાક, કાન, ગળું, મળદ્વાર, મૂત્રધ્વાર અને ચામડી અનેક છિદ્રોમાંથી હવા, પાણી અને ખોરાક મારફતે જાણે અજાણે ખૂબ પ્રમાણમાં 'ટોકસીસ પદાર્થો' દાખલ થયા જ કરે છે. ઑક્સિજનને 'પાવરફૂલ એંટીઓક્સિડંટ' ગણવામાં આવે છે. જો તમારા શરીરમા પૂરતા પ્રમાણમાં ઑક્સિજન મળે શરીરમાં દાખલ થયેલા અનેક જાતના ટોકિસસ પદાર્થો શરીરને નુકશાન પહોંચાડી ના શકે.

**લાગણીને કારણે ઉત્પન્ન થયેલો સ્ટ્રેસ**

આ પ્રકારના સ્ટ્રેસને દૂર કરવા એડ્રીનલ હોર્મોન ગ્રંથિમાંથી વધારે પ્રમાણમાં 'એન્ડ્રીનલ હોર્મોન જોઈએ' આ માટે તમારી એડ્રીનલ ગ્રંથિને પણ ઑક્સિજન જોઈએ તોજ લાગણીને કારણે ઉત્પન્ન થયેલો 'ઈમોશનલ સ્ટ્રેસ' ઓછો થઈ શકે.

**ઈજા કે નુકશાનને કારણે ઉત્પન્ન થતો સ્ટ્રેસ :**

આવે સમયે લોહીનું પરિભ્રમણ બરોબર ના થાય એટલે નુકસાન પામેલા કોષોને ઑક્સિજન ના મળે આને કારણે ઈજા થયેલા ભાગએ પૂર્વવત સ્થિતિમાં આવતા વાર લાગે.

૪. ચેપ લગાડનારા બેકટેરિયા, વાઈરસ, ફંગસ અને એલેર્જનને લીધે થતો સ્ટ્રેસ)

આગળ જણાવ્યા પ્રમાણે ઑક્સિજન 'પાવરફૂલ એન્ટિ

ઓક્સિડંટ' છે તેને કારણે ચેપ લગાડનારા જંતુઓ જે ફ્રી રેડિકલ તરીકે ઓળખાય છે તે નાશ પામે.

**એસિડિક ખોરાકને કારણે થતો સ્ટ્રેસ:**

એસિડિક ખોરાક એટલે દારૂ, તમાકુ, વધારે પડતી ચ્હા અને વધારે પડતી કોફી તેમજ કોલા ડ્રિંક્સ અને કેફી પદાર્થોને 'એસીડીક' તત્વો કહેવાય. આ બધાજ પદાર્થો શરીરના બધાજ અંગોને (ખાસ કરીને ફેફસા, લિવર અને કિડનીને) નુકશાન કરે. આ માટે પણ ઑક્સિજનની જરૂર પડે.

આ રીતે આગળ જણાવ્યા પ્રમાણે હવામાં રહેલો પ્રાણવાયુ શરીરના દરેક અંગોને સતત કાર્યશીલ રાખવા માટે અને તે રીતે જિંદગી ટકાવી રાખવા માટે જરૂરી છે. કારણ માનવી ચાલીસ દિવસ ખોરાક વગર, ચાર દિવસ પાણી વગર જીવી શકે પણ ઑક્સિજન વગર ચાર મિનિટ પણ ના જીવી શકે માટે જ ઑક્સિજનને પ્રાણવાયુ કહ્યો છે. આજે પ્રાણ વાયુ ઉપર જણાવ્યા પ્રમાણે શરીરને થતાં દરેક પ્રકારના સ્ટ્રેસ દૂર કરવામાં પણ એટલો જ ઉપયોગી છે.

**પ્રાણવાયુ લેવાની રીત કઈ ગણાય?**

જૂની અને જાણીતી એકજ રીત છે અને તે તમને ગમતી કોઈ પણ પ્રકારની નિયમિત ૩૦ થી ૪૦ મિનિટની કસરત. વૈજ્ઞાનિકોના જણાવ્યા પ્રમાણે આ કસરતના બે પ્રકાર છે.

**૧. ડાયરેક્ટ એક્સરસાઈઝ:**

એ. જેમાં યોગાની ક્રિયા વખતે ૨૦ થી ૨૫ મિનિટ માટે કરાવવામાં આવતા 'પ્રાણાયામ' (પ્રાણને એટલે કે પ્રાણવાયુને અને 'આયામ' એટલે તેને શરીરમાં લાવવા માટે કરવામાં આવતી 'અનુલોમ' વિલોમની ક્રિયા ગણાય જે કરતી વખતે તમારા ફેફસામાં ઑક્સિજન વાળી હવા જાય અને કાર્બન ડાયોક્સાઈડ વાળીહવા બહાર નીકળી જાય.

બી.એ. જ રીતે ૨૦ થી ૨૫ મિનિટ ટુકડે ટુકડે કે સળંગ, કોઈ રમુજ (જોક)ને કારણે કે કૃત્રિમ ખડખડાટ હસવાની ક્રિયા 'ડાઈરેક્ટ એક્સરસાઈઝ ગણાય કારણ તે વખતે જાણે અજાણે તમારું પેટ આગળ અને પાછળ જાય છે પેટ જ્યારે પાછળ જાય ત્યારે તમારા ફેફસા દબાય છે અને તેમાં રહેલો કાર્બન ડાયોક્સાઈડ બહાર નીકળી જાય છે અને તેની જગાએ તમારા ફેફસામાં ઑક્સિજન વાળી હવા જાય છે.

**૨. ઈનડાયરેક્ટ એક્સરસાઈઝ:**

૩૦ થી ૪૦ મિનિટ માટે કરવામાં આવતી બધી જ કસરતો જેવી કે ચાલવું. ધીમી ગતિએ દોડવુ (જોગિંગ), રનિંગ, સાયકલિંગ, સ્વિમિંગ, જિમમાં કરવામાં આવતી કસરતો બધી જ ઈન્ડાયરેક્ટ એક્સરસાઈઝ કહેવાય કારણ તેમાં તમારા શરીરના દરેક સાંધાના સ્નાયુઓને શક્તિની જરૂર પડે છે. માટે આ વખતે તમારા હૃદયની અને ફેફસાની શ્વાસોશ્વાસની ગતિ વધે છે એટલે ઑક્સિજન વાળું લોહી જે તે સ્નાયુને શક્તિને જરૂર પડે ત્યાં પહોચે છે.

ઉપરની બધી વાતનો સાર એટલો જ કે:

'લાંબા અને નિરોગી જીવન માટે તમારા ફેફસાને ખુબ જ સાચવો અને તેનો સમજપૂર્વક ઉપયોગ કરીને પરમકૃપાળુ પરમેશ્વરે મફત આપેલો હવામાંનો ઑક્સિજન લેવાની તમને ગમતી રીત વાપરીને તમારા શરીરમાં આજીવન પ્રાણ ભરનારો પ્રાણવાયુ (ઑક્સિજન) લો અને રોગરહિત લાંબુ જીવન જીવો.

**– મુકુંદ મહેતા**

# જ્ઞાની કવિ અખો

અખાએ સંસ્કૃતના અભિમાની વિદ્વાનો માટે કેવું લખ્યું છે.

**સંસ્કૃત બોલે તે શું થયું ? પ્રાકૃતથી શું નાસી ગયું ? ભાષાને શું વળગે ભૂર ? રણમાં જીતે તે શૂર.**

અખો ઉદાહરણો આપે છે.

**શબરી શું સંસ્કૃત ભણી હતી ? ભાઈ, ક્યા વેદ વાંચ્યા કરમાબાઈ ?**

**વ્યાધ તે શું ભણતો તો વેદ ? ગણકા શું સમજતી હતી ભેદ ?**

સંસ્કૃતના મિથ્યાભિમાની વિદ્વાનો માટે કેટલો મોટો પથરો માર્યો છે જુઓ.

**ઓછું પાત્ર ને અદકું ભણ્યો, વઢકણી વહુએ દીકરો જણ્યો.**

સંતમાર્ગની એક ખાસ ખાસિયત એ હોય છે કે તેમાં સમાનતા હોય છે. આભડછેડ નથી હોતી. જુઓ અખો કેવા પ્રહાર કરે છે.

**ઊંચમાં રામ બમણો નથી ભર્યો, અને નીચ પિંડ ઠાલો નથી કર્યો.**

**જે ઊંચી નાતના છે તેમાં કાંઈ ભગવાન બમણો નથી ભર્યો અને જેને તમે નીચ કહો છો તે રામ વિનાનો ઠાલો નથી. અર્થાત પરમેશ્વર સૌમાં સરખો છે.** પછી આભડછેટ કેમ ?

વધુચોખવટ કરે છે.

**આભડછેટ અત્યંજની જણી, બામણ વાણિયા કીધા ધણી.**

પરંપરાગત પોતાના વૈષ્ણવપંથમાં બહુ આભડછેટ ચાલતી. મરજાદી લોકો તો વાતવાતમાં અભડાઈ જાય. અખો તેના ઉપર પ્રહાર કરતાં કહે છે કે આ આભડછેટ તો અંત્યજની દીકરી છે. પણ ઊંચા ગણાતા બ્રાહ્મણ-વાણિયા વગેરેએ તેની સાથે લગ્ન કરીને તેને વહુ બનાવી છે. અર્થાત્ જ્યારે જુઓ ત્યારે આભડછેટ વળગીને વળગી જ રહે છે.

ચીલાચાલુ કથાવાર્તા વિશે અખો કહે છે.

**આંધળો સસરો ને શણગટ વહુ કથા સુણવા ચાલ્યું સહુ. કહ્યું કાંઈને સમજ્યા કશું. આંખનું કાજળ ગાલે ઘસ્યું.**

ચીલાચાલુ કર્મકાંડ ઉપર અખાના પ્રહાર જુઓઃ

**એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ, પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન.**

અખો અંધશ્રધ્ધાનો વિરોધી છે. તેનું કહેવું છે કે કોઈ પશુ ભૂત કેમ નથી થતું ? માણસો જ કેમ ભૂત થાય છે ? કતલખાનામાં જ્યાં હજારો પશુઓની હત્યા થયા છે ત્યાં ભૂતો કેમ નથી હોતાં ? અને મરેલાથી ડરવું તેના કરતાં જીવતાથી ડરવું સારું.

**પશુ મૂએ કો ભૂત ન થાય, અખા માણસ કેમ અવગત થાય ?**

ગ્રહપીડા વિશે ચોખવટ કરે છેઃ

**હરિજનને ગ્રહ શું કરે ? જે ગ્રહ બાપડા પરવશ ફરે, કાણો શુક અને લૂલો શનિ, બૃહસ્પતિએ સ્ત્રી ખોઈ બાયડી.**

આ ગ્રહો પોતે જ પરવશ, ભ્રમણ કરે છે તે બિચારા શું કરવાના હતા. જુઓ તો ખરા શુક્ર કાણો છે અને શનિ લંગડો છે. બૃહસ્પતિએ તો પોતાની પત્ની જ ખોઈ નાખી છે. જે પોતાની પત્નીનું રક્ષણ નથી કરી શકતા તે તમને શું કરવાના હતા ?ખોટા વહેમમાંથી છૂટો અને ગ્રહોને ભજવા કરતાં ભગવાનને ભજો.

**અખાએ અંધશ્રદ્ધા, વહેમ અને પાખંડ પ્રત્યે કઠોરતાથી શબ્દો વાપર્યા છે. તે સાચાબોલો અને આખાબોલો છે. ઉઘરાણિયા સાધુ સત્ય બોલી શકતા નથી.** કારણ કે સાચું બોલવા જતાં ઉઘરાણામાં આંચ આવે તેથી સૌને સારું લાગે તેવું મીઠું મીઠું બોલે પણ **અખો ઉઘરાણિયો સાધુ નથી. તે સંત છે અને સંતમાં સહજ રીતે સત્યપ્રેમ હોય તેથી તે સત્ય બોલે છે. ન ગમે કડવું લાગે તો પણ સત્ય બોલે છે.** અખાની ઉપમાઓ તળપદી કહેવતો છે. જે ચોટદાર હોય છે.

આવો આખો લગભગ સાડા ત્રણસો વરસ પહેલાં થઈ ગયો. પાછલી જિંદગીમાં તે એકાકી રહ્યો અને જ્ઞાનની સાથે ભક્તિ અને કર્મને પણ મેળવી જીવન જીવ્યો. **આજે જેઓ પંથો-સંપ્રદાયોમાં ફસાયા હોય અને છૂટવા માંગતા હોય તેમને આજે પણ અખો દીવાદાંડીરૂપ થઈ શકે છે.**

**- સાભાર**

# મોટા પરિવાર - ફરીવાર ક્યારે ?

પારિવારિક સંબંધોમાં સંયુક્ત તથા વિભક્ત કુટુંબનો પ્રશ્ન ઘણા વર્ષોથી ચર્ચાતો આવ્યો છે. પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં તે ઘણે અંશે અસ્થાને બની ગયો છે. પહેલાંના સમયમાં વસ્તીવધારો અમર્યાદિત નહોતો. કુટુંબોની સંખ્યા ઓછી હતી તેની સરખામણીમાં રહેણાંકની જગ્યાની તેટલે અંશે સમસ્યા નહોતી. સંયુક્ત કુટુંબની પ્રથા સર્વવ્યાપક અસ્તિત્વમાં હતી. મોટેભાગે પહેલી પેઢી તેમ જ તેના સંતાનો વસતા હતા. શિક્ષણનો વ્યાપ મર્યાદિત હતો અને વ્યાપાર-ઉદ્યોગ વારસાગત ચાલતો. તેમાં તેટલો વિકાસ થતો નહોતો. ઓછી વસ્તી હોવાને કારણે ચીજવસ્તુઓની ડીમાંડ ઓછી રહેતલી. ભારતીય પ્રજા ઘણે અંશે ધાર્મિક હતી તેમ જ પરંપરા મુજબ જ જીવનવ્યવહાર ચાલતો. ધર્મની પકડ સમાજ ઉપર મજબૂત હતી, તેથી સંતાનો તેવા વાતાવરણમાં ઉછેરાવાને કારણે તેઓની પાસે સંયમિત અને સંસ્કારયુક્ત જીવનપદ્ધતિ આપમેળે પળાતી. પરિવારો સંપથી, પ્રેમપૂર્વક રહેતા હતા. કુટુંબના સભ્યો વચ્ચે મતભેદ, એકબીજા વચ્ચે સંઘર્ષ જૂજ થતા યા તેને અવકાશ આપવામાં આવતો નહોતો. વડીલો જવાબદારીપૂર્વક, સમજદારીથી, જરૂર પડયે ક્યારેક સખતાઇથી વર્તીને પણ કુટુંબને એકજૂટ બાંધી રાખતા. કુટુંબનો કોઈ નબળો સભ્ય પણ સચવાઈ જતો. કુટુંબની આબરૂને ખૂબ જ મહત્ત્વ અપાતું. તે સમયની પરિસ્થિતિમાં સંયુક્ત કુટુંબની પ્રથા ઉમદા રીતે ચાલતી હતી. વિભક્ત કુટુંબનો વિચાર પણ થતો નહોતો.

સમયાંતરે ભારતમાં તેમ જ વિશ્વમાં પરિસ્થિતિ ખૂબ ઝડપથી બદલાવા લાગી. વસ્તીનો વધારો કાબૂ બહાર થવા માંડ્યો. કુટુંબો વિસ્તરવા લાગ્યા. બે પેઢીથી આગળ તેના સંતાનો, તેથી આગળ વધીને ત્રીજી અને ચોથી પેઢી અસ્તિત્વમાં આવી. રહેણાંકની જગ્યાઓ ટૂંકી પડવા લાગી. નાની જગ્યામાં વધારે સભ્યોનો સમાવેશ મુશ્કેલ બન્યો. સંસાધનોની અછત પડવા લાગી. વૈજ્ઞાનિક પ્રગતિ અને શિક્ષણનો વ્યાપ વધતા વસ્તીવધારાની સાથે નવા ધંધા-નોકરીઓની જરૂરિયાત પડી. આ કારણે શહેરો વિસ્તરતા ગયા. પરાંઓ વિકસાવા લાગ્યા. કુટુંબો વિસ્તરવાથી ફરજિયાત કુટુંબનું વિભાજન કરવું પડ્યું. હવે વારસાગત નોકરી-ધંધામાં સૌનો સમાવેશ અશક્ય બન્યો. શિક્ષણમાં પણ નવી લાઇનો, શાખાઓ વધી, કુટુંબના ભરણપોષણ માટે નવા નવા વ્યાપાર-ઉદ્યોગો ઊભા થયા. દરેક વ્યક્તિ પોતાના શિક્ષણ, લાયકાત મુજબ આવકના સાધનો, નવી લાઇનો શોધી તેમાં જોડાઈ જવા લાગ્યા. દરેક ક્ષેત્રમાં મોંઘવારી વધવા લાગી. આવક અને ખર્ચના બે છેડા ભેગા કરવાને ખૂબ મહેનત માગી લેતી.

આ બધા કારણોસર સંયુક્ત કુટુંબો ભાંગી પડ્યા. જાળવવા મુશ્કેલ થયા પરંતુ પરિસ્થિતિવશ પણ જો કુટુંબો સમજપૂર્વક વિભાજિત થઈને પણ સૌની વચ્ચે પ્રેમ અને સંપ જળવાઈ રહે તે ઇચ્છનીય હતું.

વિભક્ત કુટુંબની સકારાત્મક બાજુએ જોઈએ તો તેમાં વ્યક્તિની સ્વતંત્રતા જળવાતી હતી. વ્યક્તિગત શક્તિનો સંપૂર્ણ ઉપયોગ થઈ શકતો હતો. સૌ પોતાની મરજી, ઇચ્છા મુજબ જીવન જીવવાને સ્વતંત્ર રહેતા. નાનું કુટુંબ હોવાથી ભરણપોષણ આસાન બનતું. નાના કુટુંબોમાં ઓછા સભ્યો હોવાથી મતભેદ, ઝઘડા ઓછા થયા. સૌ પોતાની શક્તિ, મરજી મુજબ વાપરી જીવનમાં પ્રગતિ કરી શકતો. લાયકાત હોય, નસીબનો સાથ હોય તો મહેનતથી વૈભવી જીવન જીવી શકતો.

વિભક્ત કુટુંબના આ બધા ફાયદાઓ હોવા છતાં તેમાં

પણ ઘણો બગાડ થવા લાગ્યો. લોકો સ્વકેન્દ્રી તેમજ સ્વાર્થી બનતા ચાલ્યા. અહંકાર પૂર્ણપણે ફુલ્યો. સગા ભાઈઓ, પત્નીઓ વચ્ચે હરીફાઈ થવા લાગી. વ્યક્તિગત તણાવ ખૂબ વધવા લાગ્યો. વડીલોની - માબાપોની છેક જ અવગણના થવા લાગી. માબાપને સાચવવા તેમની સેવા કરવાનું ભારે લાગવા લાગ્યું. એક કરતાં વધારે સંતાનો હોય તો દરેકને ઘરે માબાપને રાખવા માટે શરતો બની. એક સંતાનને ઘરે શરત મુજબ માબાપને વધારે સમય રહેવાનું થાય તો તે સંતાન માબાપને બીજા ભાઈને ત્યાં ધકેલવા પ્રયત્ન કરતો. તેઓની જવાબદારીમાંથી છટકી જવા કોશિશ કરતા. જ્યારે એક જ પુત્ર હોય તો માબાપને ખૂબ ત્રાસ આપે અને સતત અપમાન કરવામાં કોઈ કચાશ ન રાખતા. વર્તમાન સમયમાં શિક્ષણ વધવાથી કારકિર્દી માટે હવે ફોરેનમાં વસવાનું આજની પેઢીને ખૂબ આકર્ષક હોય છે. તેમાં જો એક જ સંતાન હોય તો માબાપને પાછલી ઉંમરે બીમાર અવસ્થામાં પણ ભારતમાં એકલા રહેવાનું થવાથી ખૂબ આકરું થઈ પડતું.

આવી પરિસ્થિતમાં જો સંતાનો ભારતમાં રહેતા હોય તો જગ્યાની સગવડ થઈ શકતી હોય તો માબાપ માટે એક અલગ ઓરડો ફાળવી દે. ઘરમાં બે વિભાગ અલગથી કરે તો સંતાનના કુટુંબની સ્વતંત્રતા પણ સચવાઈ રહે. માબાપ નજીકમાં હોય તો તેઓનું સતત ધ્યાન રાખી શકાય. છેવટે એક જ મકાનમાં અલગ માળે રહેવાની સેપરેટ વ્યવસ્થા થાય તો અગવડતા ન પડે. આજકાલ ઘર ઉપર સરળતાથી લોન મળે છે.

આ બધું નહીં થાય તો માબાપને વૃદ્ધાશ્રમમાં રહેવાનું થશે. આ કારણે જ હવે વૃદ્ધાશ્રમો વધવા લાગ્યા છે. હવે તો સરકારે કાયદો કર્યો છે અને દરેક કેસમાં કોર્ટ માબાપની ફેવરમાં ન્યાય કરે છે. આમ છતાં આજે પણ ઘણા કુટુંબોમાં માબાપની ખૂબ સંભાળ લેવાય છે. તેઓ સન્માનીય છે. વૃદ્ધોએ સમયનો તકાજો સમજી યોગ્ય સહકારભર્યું વર્તન કરવાની જરૂર છે.

**- પુષ્પેન્દ્ર મહેતા**

# વાંચવા જેવી ટૂંકી વાર્તા

ભણવા માટે દૂર ગયેલા દીકરાએ માતાને પત્ર લખ્યો, કે અહિંયા મારા જમવાની સારી સગવડ છે, તું ચિંતા કરીશ નહીં. પત્ર વાંચીને માએ એક વખતનું ભોજન બંધ કયું કેમ કે પત્રના અંતમાં પુત્રના આંસુથી શાહી બગડેલી હતી.

❖❖❖

દાદાની લાકડી પકડીને દાદાને લઈ જતા પૌત્રને જોઈ લોકો બોલ્યા, જોજે, ધીમે ધીમે, દાદા પડી ન જાય. દાદા હસીને બોલ્યા, હું કાંઈ પડતો હોઉ ? મારી પાસે તો બે લાકડીઓ છે.

❖❖❖

કેરીનાં ઝાડ પર ચઢીને કેરીને ચોરતા છોકરાંઓને રખેવાળે લાકડી મારી અને તેને બીવડાવવા માટે થોડીવાર માટે

ઝાડના થડ સાથે બાંધી દીધા. કોણ જાણે કેમ એ ઝાડને ફરી કદીયે ફળ આવ્યા નહીં.

❖❖❖

ઓફિસથી થાકેલા પિતાએ આવીને દાદીના પગ દબાવ્યા, તે જોઈને રાત્રે દીકરીએ પિતાજીના પીઠ પર માલીશ કર્યું. આ જોઈએ દાદી બોલ્યા થાળીમાંથી વાટકીમાં અને વાટકીમાંથી થાળીમાં.

❖❖❖

પિતાજીના ગયા પછી સંપત્તિની વહેંચણી કર્યા બાદ ઘરડી માને પોતાના ઘરે લઈ જતી દીકરી બોલી, હું ખૂબ નસીબદાર છું. મારા ભાગે તો જીવન આવ્યું છે.

❖❖❖

ગઈકાલે મારો છોકરો મને કહે, પિતાજી હું તમને છોડીને ક્યારેય નહીં જાઉં. કેમ કે તમે પણ કદી દાદા દાદીને છોડીને ગયા નથી. આ સાંભળીને મને મારા વડીલોની મિલકત મળી ગયાનો આનંદ થયો.

❖❖❖

તેના પતિના મિત્ર હોસ્પિટલમાં મળવા આવ્યા. જતા જતા પરાણે રૂા. ૫,૦૦૦/- તેના હાથમાં આપ્યા અને કહ્યું લગ્નમાં બહેનને દક્ષિણા આપવાની રહી ગઈ હતી. તે દિવસે મળેલી બધી ભેટોમાં આ શ્રેષ્ઠ હતી.

❖❖❖

આજે ઓફિસથી છૂટીને ભેલ ખાવાની બહુ ઇચ્છા હતી, પણ સાસુજીને મંદિર જવાનું મોડું થાય તેથી ઘરે જલદી પહોંચી ગઈ, જઈને જેવી રસોડામાં ગઈ તો સાસુજીએ કહ્યું ચાલ જલદી, હાથ પગ ધોઈ લે, કેરી નાખીને ભેળ બનાવી છે. ઘણાં દિવસથી મને ખાવાનું મન હતું.

❖❖❖

સાંજના સમયે સુમતીબેન માળા ફેરવતા હતા, ત્યાં છોકરો નોકરીએથી ઘરે આવ્યો, તેની સાથે મોગરાના ફૂલની સુગંધ આવી. તેને થયું આજે વહુ મોગરાનો ગજરો હમણાં માથામાં નાખીને આવશે. પણ ત્યાં તો તેણે જોયું કે કૃષ્ણ ભગવાન માટે થાળીમાં મોગરાના ફૂલ હતા. ભગવાન પણ ગાલમાં હસતાં હતા.

# અવસાન નોંધ

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ, મુંબઈ**

ખારચીયા (વાંકુના) નિવાસી હાલ સુરત શ્રી મહાસુખરાય દુર્લભજી મહેતા તા. ૧૦.૧.૨૦૨૨ સોમવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

મોટી પાનેલી નિવાસી હાલ વિલેપાર્લા સ્વ. ભરતભાઈ કાંતિલાલ શેઠના ધર્મપત્ની નીરૂપમાબેન (ઉ. વ. ૭૧) તા. ૩૦.૧૨.૨૦૨૧ ગુરુવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

ખારચીયા (વાંકુના) હાલ રાજકોટ સ્વ. કાંતિલાલ ઝવેરચંદ મહેતાના સુપુત્ર પરેશભાઈ કાંતિલાલ મહેતા (ઉ.વ.૫૯) તા. ૩.૧.૨૦૨૨ના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

વંથલી સોરઠ નિવાસી હાલ મીરા રોડ સ્વ. ભુપતભાઈ તલકચંદ વોરાના ધર્મપત્ની વર્ષાબેન (ઉ. વ. ૬૮) તા. ૧૨.૧.૨૦૨૨ના રોજ અરિહંત શરણ પામેલ છે.


**Universal Marketing**

**અમારા પાસેથી રાજકોટની સારી બ્રાન્ડના ખાખરા તથા ભાખરી મળશે તેમાં ૧૦ સ્વાદમાં મળશે તેની અવધિ ૪ માસની રહેશે. ટેસ્ટ કરી અમોને મોકો આપો.**



નરેન્દ્ર ભણસાલી
Mobile : 9769029539

**Suraj Brand Khakhra**
Building D/3, Flat - 42, Palm View Society,
Near Vidyavihar East Station
Vidyavihar (E), Mumbai - 400 077.


# ધ્યાન ધરો... પ્રેમ કરો

ગામના સીમાડે એક ઝૂંપડીમાં ખેડૂત દંપતી રહેતા હતા. રાત્રિનો સમય હતો. અચાનક ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડવા લાગ્યો. મધરાતે કોઇકે દરવાજો ખકડાવ્યો. ખેડૂતે પત્નીને કહ્યું, દરવાજો ખોલ કોઇ અપરિચિત મિત્ર આવ્યો લાગે છે. (અપરિચિત મિત્ર! આપણા તો પરિચિતો પણ મિત્ર નથી હોતા).

પત્નીએ કહ્યું,...પણ એને સુવાડશું ક્યાં? જગ્યા તો છે નહીં! ખેડૂતે કહ્યું આ કોઇ મહેલ કે બંગલો નથી કે અતિથિના આવવાથી નાનો થઇ જાય. આ તો ખેડૂતની ઝૂંપડી છે. એમા જગ્યા નથી પણ પ્રેમ તો છે ને!

પત્નીએ દરવાજો ખોલ્યો. બહાર ઊભેલા યાત્રીએ હાથ જોડીને આશરો માગ્યો. ખેડૂતે એને પ્રેમથી અંદર બેસાડ્યો. સૂવાની તો જગ્યા હતી નહીં એટલે ત્રણે વાતો કરવા લાગ્યા. થોડીવાર પછી ફરીથી કોઇએ દરવાજો ખખડાવ્યો. ખેડૂતે દરવાજા પાસે બેઠેલા યાત્રીને દરવાજો ખોલવા કહ્યું. હવે તો બેસવાની પણ જગ્યા નથી. યાત્રીએ કહ્યું.

ખેડૂતે કહ્યું, ભલા માણસ, જગ્યા તો તું આવ્યો ત્યારે પણ ન હતી. એ તો પ્રેમ હતો જેણે જગ્યા કરી. માટે પ્રેમથી દરવાજો ખોલ, આપણે સૌ થોડા સંકડાઇને ગોઠવાઇ જશું. દરવાજો ખોલતાં બે યાત્રી પધાર્યા, અરસ પરસની વાતચીત આગળ વધી. થોડીવાર પછી એક ગધેડો દરવાજે આવીને ભૂંકવા લાગ્યો. ખેડૂત પોતે દરવાજો ખોલવા ઊભો થયો. અન્ય સૌએ એક સૂરમાં કહ્યું, અરે આ કોઇ માણસ નહીં, ગધેડો છે. ખેડૂતે કહ્યું, માણસ હોય કે ગધેડો, આત્યારે એ આશરો માગે છે તો આપવો જોઇએ. અબોલ જીવ આવા વરસાદમાં ક્યાં જશે?

પણ હવે જગ્યા ક્યાં છે? યાત્રીઓએ કહ્યું.

ખેડૂતે કહ્યું, દિલમાં જગ્યા કરશું તો ઝૂંપડીમાં

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ-મુંબઇમાં ભેટની યાદી - જાન્યુઆરી ૨૦૨૨**

**આર્થિક સહાય**

૧,૦૦,૦૦૦/- શ્રી પ્રદીપભાઈ નૌતમલાલ શાહ તરફથી સ્વ. નૌતમલાલ ભગવાનજી શાહ તથા સ્વ. વિજયાલક્ષ્મી નૌતમલાલ શાહની પુણ્યતિથિ નિમિત્તે

૫૫૧/- શ્રી નિલેશભાઈ પ્રાણલાલ પારેખ તરફથી ચિ. સંકેતના લગ્ન પ્રસંગે

૫૫૧/- શ્રી સંદીપભાઈ મહાસુખલાલ શાહ તરફથી ચિ. રિતુના લગ્ન પ્રસંગે

**અનાજ વિતરણ ખાતે**

૫,૦૦૦/- શ્રી શ્રીકાંતભાઈ સાકરચંદ વસા તરફથી સ્વ. જતીનભાઈ સાકરચંદ વસાના આત્મશ્રેયાર્થે

૬,૩૦૦/- બિનીતા તુષારભાઈ શાહ તરફથી ભેટ

૧,૦૦૧/- શ્રીમતી નિતાબેન અશોકભાઈ કોરડીયા તરફથી સ્વ. અશોકભાઈ નાથાલાલ કોરડીયાના આત્મશ્રેયાર્થે

૫૦૧/- શ્રી અશોકભાઈ ચીમનલાલ વોરા તરફથી ચિ. રૂચીના વેવીશાળ પ્રસંગે

૫૦૧/- શ્રી રજનીકાંત મનસુખલાલ મહેતા તરફથી ચિ. દિપના વેવીશાળ પ્રસંગે

૫૦૦/- શ્રી વિનોદભાઈ દિપચંદ વોરા તરફથી નવા ઘરના વાસ્તુ પ્રસંગે

૨૫૧/- શ્રી રાજેશ તલકચંદ શાહ તરફથી ચિ. અમીના વેવિશાળ પ્રસંગે

૨૫૧/- શ્રી રાજેશ તલકચંદ શાહ તરફથી ચિ. અક્ષયના શુભલગ્ન પ્રસંગે

૨૫૧/- શ્રી રાજેન્દ્ર પ્રભુદાસ શાહ તરફથી ચિ. જીગરના વેવીશાળ પ્રસંગે

૨૫૧/- શ્રી ચીનુભાઈ ચંદુલાલ સોનેચા તરફથી ચિ. મીતલના શુભ લગ્ન પ્રસંગે

# રતન ટાટા દ્વારા કેટલાક સુંદર વાક્યો

લંડનમાં એક પ્રવચન દરમિયાન રતન ટાટા દ્વારા વ્યક્ત કરવામાં આવેલા કેટલાક સુંદર વાક્યો...

જમવાનું દવાની જેમ ખાવું નહી. નહીતર દવા જમાવાની જેમ લેવી પડશે.

૧) સુર્યપ્રકાશ

૨) આરામ

૩) વ્યાયામ

૪) ડાયેટ એટલે કે ખપ પુરતું ખાવું.

૫) પોતાના પ્રત્યે આત્મવિશ્વાસ

૬) સારા મિત્રો

• જીવનમાં દરેક તબક્કે તેને મેન્ટેન કરો અને હેલ્દી જીવન જીવો.

• જો તમે ચંદ્રને જોઓ છો તો તમે ભગવાનની સુંદરતાને જુઓ છો

• જો તમે સુર્યને જુઓ છો તો તેમા ભગવાનની શક્તિ દેખાય છે.

• જો તમે અરિસામાં જુઓ છો તો તમને ભગવાનની સૌથી શ્રેષ્ઠ કલાકૃતિના દર્શન થાય છે. માટે હંમેશા તમે આત્મવિશ્વાસ દાખવો.

• આપણે બધા પ્રવાસી છીએ. અને ભગવાન આપણા ટ્રાવેલ એજન્ટ છે. જેણે આપણા રૂટ, આરક્ષણ અને સ્થળો પસંદ કરી રાખ્યાં છે માટે ભગવાનમાં વિશ્વાસ રાખો અને જીવન કે જે એક પ્રવાસ કહેવાય છે તેનો આનંદ લો.

**- આપનો રતન ટાટા**

# સ્મરણાંજલિ

જાન્યુઆરી માસના
મુખપત્રના સૌજન્યદાતા

જન્મ તારીખ :
૧-૧-૧૯૪૧



અનંતયાત્રા :
૧-૧-૨૦૨૧

## સ્વ. જ્યોત્સનાબેન ચંપકલાલ શેઠ

દ્રષ્ટિમાં હજુએ રમે છે તમારો હસતો ચહેરો
આપનો માયાળુ સ્વભાવ, આપના જીવનની સાદાઈ.
સુખ-દુ:ખમાં સદાય હસતા રહ્યા તમે, સૌના હૃદયમાં વસતા રહ્યા તમે,
અણધાર્યા છોડી ગયા જીવન છતાં જીવિત હોવાનો ભાસ છે,
દર્શન નથી તમારા દેહના પણ હૃદયમાં તમારો વાસ છે.

**શ્રદ્ધાસુમન અર્પિત :**

### શ્રી ચંપકલાલ જેઠાલાલ શેઠ પરિવાર

(એડીસઅબાબા, ઇથીયોપિયાવાળા, હાલ મુંબઈ)
સ્વ. વ્રજકુંવરબેન દલીચંદ નાનજી શાહ (ધોરાજીવાળાની સુપુત્રી)

**પુત્રી-જમાઇ :** શ્રીમતી ભારતીબેન અશોક શાહ, શ્રીમતી મયુરીબેન પંકજ વોરા,
શ્રીમતી ચેતનાબેન ભરત સાવડીયા

**પુત્ર-પુત્રવધુ :** શ્રી નૈનેશભાઈ-જાગૃતીબેન

**પૌત્ર :** જીનય, યશ

**દોહિત્ર/દોહિત્રી :** માનસી, વિશાલ, જેનીલ, હર્ષિલ, હેત્વી, રીયા

## જાન્યુઆરી માસના મુખપત્રના<br>''સૌજન્યદાતા''

## ''માતૃ દેવો ભવ''<br>''મા તે મા બીજા બધા વગડાના વા''



સ્વ. મંજુલાબહેન<br>કાંતિલાલ ધરમશી પારેખ

ઈશ્વરને માણસનાં ઘરમાં આવવાનું મન થયું ત્યારે તે મા બનીને આવ્યા. પ્રેરણાશક્તિ અને પથદર્શક માયાળુ માતા સ્વ. મંજુલાબહેન કાંતિલાલ પારેખનો જન્મ તા. ૧૫-૫-૧૯૩૭ના રોજ પ્રેમાળ પિતા દેવજીભાઈ અને માયાળુ માતા કુસુંબાબહેનની કુખે મોટી પાનેલી ગામે થયો હતો. નાનપણથી જ ધર્મના ઉચ્ચ સંસ્કારો ધરાવતાં એવા મંજુલાબહેન સમજતાં હતાં કે ચોર્યાશી લાખ યોનિમાં અનંતવાર પરિભ્રમણ કર્યા બાદ મહામૂલો અને અમૂલ્ય એવો માનવભવ મળે છે, તેમાં સોનામાં સુગંધ ભળે તેમ પતિ કાંતિલાલનો જીવનમાં સાથ અને સહકાર મળ્યા. દેવ, ગુરુ અને ધર્મનો ત્રિવેણીસંગમ મળ્યો છે. તો આ ચાર દિવસનાં ચાંદરણાં જેવી જિંદગીનો સદ્‌ઉપયોગ કરી લેવો. કર્મણ્યે વાધિકારસ્તુ મા ફલેષુ કદાચેન દ્વારા, તેઓ કર્મ કર્યે જતાં, ક્યારેક ફળની ઈચ્છા ન રાખતાં પારકાને પોતાના કરવાની કળા આત્મસાત કરી હતી. ગિરીશ-હરેશ જેવા પુત્રો, મીતા-જ્યોતી જેવી પુત્રીઓ, નીતા-રૂપલ જેવી પુત્રવધૂઓને પણ દીકરીઓ સમાન રાખતા અને કિંજલ, કુનાલ, ફોરમ, ઋષભ તથા પારસ જેવા પૌત્રાદિ સર્વ કુટુંબીજનોના હૃદયમંદિરમાં દેવી જેવું સ્થાન ધરાવતા હતા. તેમણે પ્રેમ અને વાત્સલ્ય દ્વારા કુટુંબને એક તાંતણે જોડી રાખ્યું હતું. લક્ષ્મી તો ચંચળ છે તેઓ સારી રીતે સમજતા અને તેથી જ તે લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરતાં.

જીવ માટે શરીર એક સાધન છે. કર્માનો હિસાબ ચોખ્ખો થઈ જાય અને લેણદેણના સંબંધો પૂરા થાય એટલે જીવે શરીર છોડવું પડે છે. વીર કહે ''આ પંખીડાનો મેળો, વેળાએ સૌ ઊડી જાય,'' પરંતુ આત્મા તો અમર છે અને જેમણે શ્રમણ ભગવાન મહાવીરના શાસનને પામી તેના અહિંસા, કરુણા, દયાના સિદ્ધાંતોને જીવનમાં ઉતારી એક આદર્શ જીવન જીવ્યા અને ભવસાગર તરી ગયા. જ્યારે આપણે તો ભવના મુસાફીર ભુલા રે પડ્યા જેવા છીએ. સાંજના ઢળતા મંદિરમાં દીપમાળા પ્રગટે ને ધૂપસળીની મહેંક ચોમેરે પ્રસરે એમ મંજુલાબહેનના સુસંસ્કારોની મહેંક તેમના સર્વ પરિવારજનોનાં હૃદયમાં પ્રસરી રહેલ છે. તેઓ તા. ૧૦-૧-૧૯૮૮ ને શનિવારના રોજ સ્વર્ગવાસ પામેલ હતાં.

એમની યાદમાં શ્રી કાંતિલાલે જૂનાગઢમાં ઉપરકોટની વાડીમાં ''મંજૂષા'' હોલ બનાવેલ છે. ઉપરાંત શંખેશ્વર, ઈડર, પૂના-કાત્રજ, શાહપુર વગેરે તીર્થસ્થાનોમાં તેમના નામની રૂમો ધર્મશાળાઓમાં બનાવેલ છે. તેમના પરિવારે સ્વ. મંજુલાબેન કાંતિલાલ પારેખ ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી છે, જેમાંથી નિયમિત જરૂરિયાતમંદ વ્યક્તિઓને જરૂરિયાત પૂરી પાડવામાં આવે છે. આપણાં સમાજને, શુભેચ્છક મિત્રમંડળ, મુંબઈ વગેરે સંસ્થાઓને તેમનું યોગદાન મળતું જ રહે છે. આવા સમાજપ્રેમી અને દાનવીર વ્યક્તિને સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ ક્યારેય ભૂલી શકશે નહીં.

માતાની મમતાથી મોટું કોઈ મયુરાસન આ જગતમાં નથી જ માટે ''જનનીની જોડ સખી નહિ જડે રે લોલ.''

PUBLISHED ON 20TH EVERY MONTH - RNI - 22805 /1973 - SOATH VISHSHRIMALI (Gujarati - Monthly)
POSTED AT KALBADEVI HEAD POST OFFICE, MUMBAI - 400 002. ON 20th & 21st OF EVERY MONTH

Printed & Published by Rajendra Ottamchand Punatar on behalf SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ Printed at Arihant Printing Press, Behind Trikal Bldg., 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No. 7, 2nd Floor, Mangaldas Road, Mumbai - 400 002. Editor : RAJENDRA OTTAMCHAND PUNATAR